॥ ॐ ह्रीँ श्रीँ अर्हं नमः ॥

॥ श्री रैवतगिरिवराय नमः ॥

॥ ॐ ह्रीँ अर्हं नमो नेमिनाथाय ॥

॥ ॐ ह्रीँ अर्हं श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः ॥

॥ ॐ ह्रीँ श्रीँ सिद्धिसूरीश्वरजी गुरुभ्यो नमः ॥

॥ ॐ ह्रीँ श्रीँ हिमांशुसूरीश्वरजी गुरुभ्यो नमः ॥

॥ ॐ ह्रीँ श्रीँ पद्मलत्ताश्री गुरुमाताभ्यो नमः ॥

॥ ॐ ह्रीँ श्रीँ ऐँ सरस्वत्यै नमः ॥

॥ ॐ ह्रीँ अम्बिके ह्रीँ नमः ॥

# श्रीहृदयप्रदीपषट्त्रिंशिका

**शब्दादिपञ्चविषयेषु विचेतनेषु,**
**योऽन्तर्गतो हृदि विवेककलां व्यनक्ति ।**
**यस्माद् भवान्तरगतान्यपि चेष्टितानि,**
**प्रादुर्भवन्त्यनुभवं तमिमं भजेथाः ॥१॥**

**॥ वसन्ततिलका ॥**

**શબ્દાર્થ :**

**शब्दादिपञ्चविषयेषु** – શબ્દ વગેરે (શબ્દ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ) પાંચ વિષયોને વિશે (शब्दादिपञ्चविषय પું. સ. બ.વ.)

**विचेतनेषु** – જડ [શબ્દાદિ પાંચ વિષયો] ને વિશે (विचेतन – शब्दादिपञ्चविषय નું વિશેષણ પું. સ. બ.વ.)

**यः** – જે [અનુભવજ્ઞાન] (यद् સર્વનામ - अनुभव માટે વપરાયેલ પું. પ્ર. એ.વ.)

**अन्तर्गतः** – અંદર ગયેલું, મનમાં રહેલું [અનુભવજ્ઞાન] (अन्तर्गत – अनुभव નું વિશેષણ પું. પ્ર. એ.વ.)

**हृदि** – હૃદયમાં (हृदय – हृद् આદેશ નપું. સ. એ.વ.)

**विवेककलाम्** – વિવેકકલાને (विवेककला સ્ત્રી. દ્વિ. એ.વ.)

**व्यनक्ति** – વ્યક્ત કરે છે, પ્રગટાવે છે (वि + अञ्ज् ગણ ૭ પરસ્મૈ. ત્રી.પુ. એ.વ.)

**यस्मात्** – જે [અનુભવજ્ઞાન]માંથી (यद् સર્વનામ - अनुभव માટે વપરાયેલ પું. પં. એ.વ.)

**भवान्तरगतानि** – પૂર્વભવોની [ચેષ્ટાઓ], અન્ય ભવોમાં કરેલા [સદ્-અસદ્ કાર્યો] (भवान्तरगत – चेष्टित નું વિશેષણ નપું. પ્ર. બ.વ.)

**चेष्टितानि** – ચેષ્ટાઓ, સદ્-અસદ્ કાર્યો (चेष्टित – चेष्ट् ગણ ૧ આત્મને. + કર્મણિ ભૂતકૃદંતનો त(क्त) નપું. પ્ર. બ.વ.)

**प्रादुर्भवन्ति** – પ્રગટ થાય છે, પ્રત્યક્ષ થાય છે. (प्र + आ + दुस् + भू ગણ ૧ પરસ્મૈ. ત્રી.પુ. બ.વ.)

**अनुभवम्** – અનુભવને (अनुभव – अनु + भू ગણ ૧ પરસ્મૈ. + अल् પું. દ્વિ. એ.વ.)

**तम्** – તે[અનુભવ]ને (तद् સર્વનામ – अनुभव માટે વપરાયેલ પું. દ્વિ. એ.વ.)

**इमम्** – આ[અનુભવજ્ઞાન]ને (इदम् સર્વનામ - अनुभव માટે વપરાયેલ પું. દ્વિ. એ.વ.)

**भजेथाः** – તું ભજ (भज् ગણ ૧ આત્મને. વિધ્યર્થ બી.પુ. એ.વ.)

**દંડાન્વય :**

अन्तर्गतः यः विचेतनेषु शब्दादिपञ्चविषयेषु हृदि विवेककलाम् व्यनक्ति यस्मात् भवान्तरगतानि अपि चेष्टितानि प्रादुर्भवन्ति तम् इमम् अनुभवम् भजेथाः ।



**અર્થ :**

અંદર રહેલું (મનમાં વર્તતું) જે (અનુભવજ્ઞાન) જડ એવા શબ્દ વગેરે (વર્ણ, ગંધ, રસ, સ્પર્શ) પાંચ વિષયોને વિશે હૃદયમાં વિવેક કળાને પ્રગટાવે છે (અને) પૂર્વજન્મોમાં કરેલ (સારા-નરસા) કાર્યો પ્રગટ થાય છે (પ્રત્યક્ષ જે (અનુભવજ્ઞાન)માંથી થાય છે), તે આ અનુભવ જ્ઞાનને તું ભજ.

**ખંડાન્વય :**

व्यनक्ति ।
काम् व्यनक्ति ?
विवेककलाम् ।
कस्मिन् व्यनक्ति ?
हृदि ।
केषु विवेककलाम् व्यनक्ति ?
शब्दादिपञ्चविषयेषु ।
कथम्भूतेषु शब्दादिपञ्चविषयेषु ?
विचेतनेषु ।
कः व्यनक्ति ?
यः ।
यः कः ?
अन्तर्गतः ।
प्रादुर्भवन्ति ।
कानि प्रादुर्भवन्ति ?
चेष्टितानि ।
कथम्भूतानि अपि चेष्टितानि ?
भवान्तरगतानि अपि ।

कस्मात् प्रादुर्भवन्ति ?

यस्मात् ।

भजेथाः ।

कम् भजेथाः ?

तम् ।

तम् कम् भजेथाः ?

इमम् ।

तम् इमम् कम् भजेथाः ?

अनुभवम् ।

**સમાસ :**

- शब्दयति इति शब्दः । (शब्द् ગણ ૧૦ ઉભયપદી + घञ्)

  शब्दः आदौ येषाम् ते इति शब्दादयः । (વ્યધિકરણ બહુવ્રીહિ)

  विषण्वन्ति इति विषयाः । (वि + सि ગણ ૫ ઉભયપદી + अच्)

  पञ्च च अमी विषयाः च इति पञ्चविषयाः । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)

  शब्दादयः च अमी पञ्चविषयाः च इति शब्दादिपञ्चविषयाः । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)

  तेषु इति शब्दादिपञ्चविषयेषु ।

- चेतयते अनया इति चेतना । (चित् + કરણ અર્થમાં अन (अनट्))

  विगता चेतना येभ्यः / येषाम् इति विचेतनाः । (પ્રાદિ બહુવ્રીહિ)

  तेषु इति विचेतनेषु ।

  (અથવા)

  चेतति / चेतयते इति चेतनः । (चित् + કર્તા અર્થમાં अन (अनट्))



  विरुद्धाः चेतनात् इति विचेतनाः । (પ્રાદિ તત્પુરુષ)

  तेषु इति विचेतनेषु ।

- अन्तर् गतः इति अन्तर्गतः । (તત્પુરુષ સમાસ)
- विविनक्ति इति विवेकः । (विच् ગણ ૨, ૭ ઉભયપદી + घञ्)
- विवेकस्य कला इति विवेककला । (ષષ્ઠી તત્પુરુષ)

  ताम् इति विवेककलाम् ।

**जानन्ति केचिन्न तु कर्तुमीशाः,**
**कर्तुं क्षमा ये न च ते विदन्ति ।**
**जानन्ति तत्त्वं प्रभवन्ति कर्तुं,**
**ते केऽपि लोके विरला भवन्ति ॥२॥**

**॥ इन्द्रवज्रा ॥**

**શબ્દાર્થ :**

**जानन्ति** – તેઓ જાણે છે. (ज्ञा (जा) ગણ ૯ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. બ.વ.)

**केचित्** – કેટલાક (લોકો) (किम् સર્વનામ - પું. પ્ર. બ.વ. + चित् અવ્યય અનિશ્ચિત અર્થમાં)

**न** – નથી (અવ્યય)

**तु** – પરંતુ, વળી (અવ્યય)

**कर्तुम्** – કરવાને માટે (कृ ગણ ૧ ઉભયપદી + હેત્વર્થ કૃદંતનો तुम् અવ્યય)

**ईशाः** – સમર્થ (ईश – ईश् ગણ ૨ આત્મને. + अच् પું. પ્ર. બ.વ.)

**कर्तुम्** – કરવાને માટે (कृ ગણ ૧ ઉભયપદી + હેત્વર્થ કૃદંતનો तुम् અવ્યય)

**क्षमाः** – સમર્થ (क्षम – क्षम् ગણ ૪ પરસ્મૈ. + अच् પું. પ્ર. બ.વ.)

**ये** – જેઓ (यद् સર્વનામ પું. પ્ર. બ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**च** – અને (અવ્યય)

**ते** – તેઓ (तद् સર્વનામ પું. પ્ર. બ.વ.)

**विदन्ति** – (તેઓ) જાણે છે (विद् ગણ ૨ પરસ્મૈ. ત્રી.પુ. બ.વ.)

**जानन्ति** – (તેઓ) જાણે છે (ज्ञा(जा) ગણ ૯ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. બ.વ.)

**तत्त्वम्** – તત્ત્વને (तत्त्व – तस्य भावः इति तद् + त्व (તદ્ધિતનો) નપું. દ્વિ. એ.વ.)

**प्रभवन्ति** – તેઓ સમર્થ થાય છે (प्र + भू ગણ ૧ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. બ.વ.)

**कर्तुम्** – કરવા માટે (कृ ગણ ૧ ઉભયપદી + હેત્વર્થ કૃદંતનો तुम्)

**ते** – તેઓ (तद् સર્વનામ પું. પ્ર. બ.વ.)

**केऽपि** – કેટલાક (किम् સર્વનામ પું. પ્ર. બ.વ. + अपि અવ્યય અનિશ્ચિતાર્થમાં)

**लोके** – જગતમાં (लोक - लोक् ગણ ૧ આત્મને. + घञ् પું. સ. એ.વ.)

**विरलाः** – વિરલા [કેટલાક લોકો] (विरल – केऽपि નું વિશેષણ પું. પ્ર. બ.વ.)

**भवन्ति** – તેઓ થાય છે (भू ગણ ૧ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. બ.વ.)

**દંડાન્વય :**

केचित् जानन्ति । तु कर्तुम् ईशाः न (भवन्ति) । ये कर्तुम् क्षमाः (सन्ति) । ते च न विदन्ति । लोके ते केऽपि विरलाः भवन्ति । तत्त्वम् जानन्ति । कर्तुम् प्रभवन्ति ।



**અર્થ :**

કેટલાક લોકો (તત્ત્વને) જાણે છે, પરંતુ તેઓ કરવા માટે સમર્થ થતા નથી. જેઓ કરવા માટે સમર્થ છે તેઓ (તત્ત્વને) જાણતા નથી. જગતમાં તે કોઈક વિરલા જ થાય છે (જેઓ) તત્ત્વને જાણે છે અને (તે અનુસાર) કરવા માટે સમર્થ હોય છે.

**ખંડાન્વય :**

जानन्ति ।

के जानन्ति ?

केचिद् ।

न (અધ્યાહારથી) भवन्ति ।

कीदृशाः न भवन्ति ?

ईशाः न भवन्ति ।

कस्मै ईशाः न भवन्ति ?

कर्तुम् ।

कथम् ?

तु ।

(અધ્યાહારથી) (सन्ति) ।

के सन्ति ?

ये सन्ति ।

ये के सन्ति ?

ये क्षमाः सन्ति ।

कस्मै क्षमाः ?

कर्तुम् ।

न विदन्ति ।

के च न विदन्ति ?

ते च न विदन्ति ।

जानन्ति ।

किम् जानन्ति ?

तत्त्वम् ।

प्रभवन्ति ।

कस्मै प्रभवन्ति ?

कर्तुम् ।

भवन्ति ।

के भवन्ति ?

ते भवन्ति ।

ते के भवन्ति ?

ते केऽपि भवन्ति ।

ते केऽपि कीदृशाः भवन्ति ?

ते केऽपि विरलाः भवन्ति ।

कस्मिन् विरलाः भवन्ति ?

लोके ।

**सम्यग्विरक्तिर्ननु यस्य चित्ते,**
**सम्यग्गुरुर्यस्य च तत्त्ववेत्ता ।**
**सदाऽनुभूत्या दृढनिश्चयो य-**
**स्तस्यैव सिद्धिर्न हि चापरस्य ॥३॥**

**॥ इन्द्रव्रजा ॥**



**શબ્દાર્થ :**

**सम्यग्विरक्तिः** – સમ્યગ્વૈરાગ્ય, જ્ઞાનગર્ભિત વૈરાગ્ય (सम्यग्विरक्ति સ્ત્રી. પ્ર. એ.વ.)

**ननु** – ખરેખર, વળી (અવ્યય)

**यस्य** – જેના (यद् સર્વનામ પું. ષ. એ.વ.)

**चित्ते** – ચિત્તમાં (चित्त નપું. સ. એ.વ.)

**सम्यग्गुरुः** – સદ્‌ગુરુ (सम्यग्गुरु પું. પ્ર. એ.વ.)

**यस्य** – જેના (यद् સર્વનામ પું. ષ. એ.વ.)

**च** – અને (અવ્યય)

**तत्त्ववेत्ता** – તત્ત્વને જાણનારા (तत्त्ववेतृ પું. પ્ર. એ.વ.)

**सदा** – હંમેશા (અવ્યય)

**अनुभूत्या** – અનુભવથી (अनुभूति – अनु + भू ગણ ૧ પરસ્મૈ. + ति (क्ति) સ્ત્રી. તૃ. એ.વ.)

**दृढनिश्चयः** – દૃઢ નિશ્ચયવાળો (दृढनिश्चय પું. પ્ર. એ.વ.)

**यः** – જે (यद् સર્વનામ - दृढनिश्चय માટે વપરાયેલ પું. પ્ર. એ.વ.)

**तस्य** – તેની (तद् સર્વનામ - यद् ની સાથે જોડાયેલ પું. ષ. એ.વ.)

**एव** – જ (અવ્યય)

**सिद्धिः** – સિદ્ધિ, મોક્ષ (सिद्धि – सिध् ગણ ૧ પરસ્મૈ. + ति (क्ति) સ્ત્રી. ષ. એ.વ.)

**न** – નહિ (અવ્યય)

**हि** – ખરેખર, જ (અવ્યય)

**च** – અને (અવ્યય)

**अपरस्य** – બીજાની (अपर સર્વનામ, વિશેષણ પું. ષ. એ.વ.)

**દંડાન્વય :**

ननु यस्य चित्ते सम्यग्विरक्तिः । च यस्य तत्त्ववेत्ता सम्यग्गुरुः । यः सदा अनुभूत्या दृढनिश्चयः । तस्य एव सिद्धिः । च अपरस्य न हि ।

**અર્થ :**

ખરેખર, જેના ચિત્તમાં સમ્યગ્ (જ્ઞાનગર્ભિત) વૈરાગ્ય છે અને જેના સદ્ગુરૂ તત્ત્વને જાણનારા છે (અને) જે હંમેશા અનુભવજ્ઞાનથી અવિચલિત નિર્ણયવાળો છે, તેને જ (મોક્ષની) સિદ્ધિ થાય છે, બીજાને નથી જ થતી.

**ખંડાન્વય :**

(અધ્યાહારથી) (अस्ति) ।
का अस्ति ?
सम्यग्विरक्तिः ।
कस्मिन् सम्यग्विरक्तिः ?
चित्ते ।
कस्य चित्ते ?
यस्य चित्ते ।
कथम् ?
ननु ।
(અધ્યાહારથી) (अस्ति) ।
कः अस्ति ?
सम्यग्गुरुः ।
कथम्भूतः सम्यग्गुरुः ?
तत्त्ववेत्ता ।
कस्य सम्यग्गुरुः ?
यस्य ।



कथम् ?
च ।
(અધ્યાહારથી) (अस्ति) ।
कः अस्ति ?
यः ।
यः कः अस्ति ?
दृढनिश्चयः ।
कया दृढनिश्चयः ?
अनुभूत्या ।
कदा ?
सदा ।
(અધ્યાહારથી) (अस्ति) ?
का अस्ति ?
सिद्धिः ।
कस्य एव सिद्धिः ?
तस्य एव सिद्धिः ।
न (અધ્યાહારથી) (अस्ति) ।
का न अस्ति ?
सिद्धिः न अस्ति ।
कस्य च सिद्धिः न अस्ति ।
अपरस्य ।
कथम् ?
हि ।

**સમાસ :**

- वि + रञ्ज् – ગણ ૪ ઉભયપદી + ति(क्ति) = विरक्ति ।
  सम्यग् च असौ विरक्तिः च इति सम्यग्विरक्तिः । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)
- सम्यग् च असौ गुरुः च इति सम्यग्गुरुः । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)
- वेत्ति इति वेत्ता । (विद् ગણ ૨ પરસ્મૈ. + तृ(तृच्))
  तत्त्वस्य वेत्ता इति तत्त्ववेत्ता । (ષષ્ઠી તત્પુરુષ)
  तस्य भावः इति तत्त्वम् । (તદ્ધિત (तद् + त्व))
- निश्चीयते अनेन इति निश्चयः । (निस् + चि ગણ ૫ ઉભયપદી + अच् )
  दृढः निश्चयः यस्य सः इति दृढनिश्चयः । (સમાનાધિકરણ બહુવ્રીહિ)

**विग्रहं कृमिनिकायसङ्कुलं,**
**दुःखदं हृदि विवेचयन्ति ये ।**
**गुप्तिबन्धमिव चेतनं हि ते,**
**मोचयन्ति तनुयन्त्रयन्त्रितम् ॥४॥**
**॥ रथोद्धता (अपरान्तिका) ॥**

**શબ્દાર્થ :**

**विग्रहम्** – શરીરને (विग्रह નપું. દ્વિ. એ.વ.)

**कृमिनिकायसङ्कुलम्** – કૃમિઓના સમૂહથી વ્યાપ્ત [શરીર]ને (कृमिनिकायसंकुल – विग्रह નું વિશેષણ નપું. દ્વિ. એ.વ.)

**दुःखदम्** – દુઃખને આપનાર [શરીર]ને (दुःखद – विग्रह નું વિશેષણ નપું. દ્વિ. એ.વ.)

**हृदि** – હૃદયને વિશે (हृदय – हृद् આદેશ નપું. સ. એ.વ.)



[1]**विवेचयन्ति** – વિવેચન કરે છે, વિચાર કરે છે. (वि + विच् ગણ ૭ ઉભયપદી + પ્રેરકનો णिग् વ.કા. ત્રી.પુ. બ.વ.)

**ये** – જેઓ (यद् સર્વનામ પું. પ્ર. બ.વ.)

**गुप्तिबन्धम्** – કારાગૃહમાં બંધાયેલ (गुप्तिबन्ध પું. દ્વિ. એ.વ.)

**इव** – જેમ, જાણે (અવ્યય)

**चेतनम्** – ચેતન, આત્માને (चेतन – चेतति इति चेतनः चित् ગણ ૧ પરસ્મૈ. + કર્તા અર્થમાં अन (अनट्) પું. દ્વિ. એ.વ.)

**हि** – નિશ્ચે (અવ્યય)

**ते** - તેઓ (तद् સર્વનામ પું. પ્ર. બ.વ.)

**मोचयन्ति** – છોડાવે છે (मुच् ગણ ૧ આત્મને. + પ્રેરકનો णिग् વ.કા. ત્રી.પુ. બ.વ.)

**तनुयन्त्रयन्त्रितम्** – શરીરરૂપ કેદખાનામાં કેદ કરેલ [આત્મા] ને (तनुयन्त्रयन्त्रित – चेतन નું વિશેષણ પું. દ્વિ. એ.વ.)

**દંડાન્વય :**

ये हृदि विग्रहम् कृमिनिकायसङ्कुलम् दुःखदम् विवेचयन्ति । ते गुप्तिबन्धम् इव तनुयन्त्रयन्त्रितम् चेतनम् हि मोचयन्ति ।

**અર્થ :**

જેઓ હૃદયને વિશે શરીરને કૃમિઓના (કીડાઓના) સમૂહથી વ્યાપ્ત (અને તેથી) દુઃખદાયી વિચારે છે તેઓ જાણે કારાગૃહમાં બંધાયેલ હોય એવા શરીરરૂપ કેદખાનામાં કેદ કરેલ ચેતનને (આત્માને) નિશ્ચે છોડાવે છે.

---

[1]विवेचयन्ति નો અર્થ આત્માથી જુદુ માને છે, ભેદ કરે છે, વિવેક કરે છે આવો પણ થઈ શકે છે. એટલે અન્વય ये हृदि कृमिनिकायसङ्कुलम् दुःखदम् विग्रहं विवेचयन्ति । – એમ કરવો. અર્થ :- જેઓ હૃદયને વિશે કૃમિઓના સમૂહથી વ્યાપ્ત અને દુઃખદાયી શરીરને આત્માથી જુદો માને છે. (શરીરનો આત્માથી ભેદ કરે છે.)

**ખંડાન્વય :**

विवेचयन्ति ।

कम् विवेचयन्ति ?

विग्रहम् ।

विग्रहम् कीदृशम् विवेचयन्ति ?

कृमिनिकायसङ्कुलम् ।

विग्रहम् पुनः कीदृशम् विवेचयन्ति ?

दुःखदम् ।

कस्मिन् विवेचयन्ति ?

हृदि ।

के विवेचयन्ति ?

ये ।

मोचयन्ति ।

कथम् मोचयन्ति ?

हि ।

कम् मोचयन्ति ?

चेतनम् ।

कथम्भूतम् चेतनम् ?

तनुयन्त्रयन्त्रितम् ।

कम् इव मोचयन्ति ?

गुप्तिबन्धम् इव ।

के मोचयन्ति ?

ते ।



**સમાસ :**

- कृमीणाम् निकायः इति कृमिनिकायः । (ષષ્ઠી તત્પુરુષ)

  कृमिनिकायेन सङ्कुलः इति कृमिनिकायसङ्कुलम् । (તૃતીયા તત્પુરુષ)

  तम् इति कृमिनिकायसङ्कुलम् ।
- दुःखम् ददति / दत्ते इति दुःखदः । (ઉપપદ તત્પુરુષ)

  तम् इति दुःखदम् ।

  गुप्यते इति गुप्तिः । (गुप् ગણ ૧ આત્મને. + ति(क्ति))

  बध्यते इति बन्धः । (बन्ध् ગણ ૯ પરસ્મૈ. + अच्)

  गुप्तौ बन्धः इति गुप्तिबन्धः । (સપ્તમી તત્પુરુષ)

  तम् इति गुप्तिबन्धम् ।
- तनुः एव यन्त्रम् इति तनुयन्त्रम् । (અવધારણ પૂર્વપદ કર્મધારય)

  तनुयन्त्रे यन्त्रितः इति तनुयन्त्रयन्त्रितः । (સપ્તમી તત્પુરુષ)

  तम् इति तनुयन्त्रयन्त्रितम् ।

**भोगार्थमेतद् भविनां शरीरं,**
**ज्ञानार्थमेतत् किल योगिनां वै ।**
**जाता विषं चेद्विषया हि सम्यग्,**
**ज्ञानात्ततः किं कुणपस्य पुष्ट्या ॥५॥**

**॥ इन्द्रवज्रा ॥**

**શબ્દાર્થ :**

**भोगार्थम्** – ભોગોને માટે (भोगार्थ નપું. પ્ર. એ.વ.)

**एतद्** – આ [શરીર] (एतद् સર્વનામ - शरीर માટે વપરાયેલ નપું. પ્ર. એ.વ.)

**भविनाम्** – ભવાભિનંદી જીવોનું (भविन् – भवः अस्ति एषाम् इति भव + મત્વર્થીય इन् (તદ્ધિતનો) પું. ષ. બ.વ.)

**शरीरम्** – શરીર (शरीर નપું. પ્ર. એ.વ.)

**ज्ञानार्थम्** – જ્ઞાનને માટે (ज्ञानार्थ નપું. પ્ર. એ.વ.)

**एतद्** – આ [શરીર] (एतद् સર્વનામ - शरीर માટે વપરાયેલ નપું. પ્ર. એ.વ.)

**किल** – ખરેખર, નિશ્ચે (અવ્યય)

**योगिनाम्** – યોગીઓનું (योगिन् – योगः अस्ति एषाम् इति योग + મત્વર્થીય इन् (તદ્ધિતનો) પું. ષ. બ.વ.)

**वै** – પાદપૂર્તિ માટે (અવ્યય)

**जाताः** – થયા, થાય (जन् (जा) ગણ ૪ આત્મને. + કર્તરિ ભૂતકૃદંત त (क्त) – विषय નું વિશેષણ પું. પ્ર. બ.વ.)

**विषम्** – વિષ (विष નપું. પ્ર. એ.વ.)

**चेत्** – જો (અવ્યય)

**विषयाः** – (પાંચ ઇન્દ્રિયના) વિષયો (विषय – विषिण्वन्ति इति वि + षि ગણ ૫ ઉભયપદી + अच् પું. પ્ર. બ.વ.)

**हि** – ખરેખર (અવ્યય)

**सम्यग्ज्ञानात्** – સમ્યગ્ જ્ઞાનથી (सम्यग्ज्ञान નપું. પં. એ.વ.)

**ततस्** – તેથી, તે કારણથી (तस्मात् इति तद् + तस् (તદ્ધિત) અવ્યય)

**किम्** – શું (અવ્યય)

**कुणपस्य** – શરીરની (कुणप પું. ષ. એ.વ.)

**पुष्ट्या** – પુષ્ટિ વડે (पुष्टि – पुष् ગણ ૪ પરસ્મૈ. + ति (क्ति) સ્ત્રી. તૃ. એ.વ.)



**દંડાન્વય :**

भविनाम् एतद् शरीरम् भोगार्थम् । किल वै योगिनाम् एतद् शरीरम् ज्ञानार्थम् । हि चेत् सम्यग्ज्ञानात् विषयाः विषम् जाताः । ततः किम् कुणपस्य पुष्ट्या ?

**અર્થ :**

ભવાભિનંદી જીવોને આ શરીર ભોગોને માટે હોય છે. નિશ્ચે યોગીઓને આ શરીર જ્ઞાનને માટે હોય છે. ખરેખર, જો સમ્યગ્જ્ઞાનથી (તને) વિષયો વિષરૂપ થયેલા છે (લાગે છે), તો શરીરના પોષણથી સર્યું.

**ખંડાન્વય :**

(અધ્યાહારથી) (अस्ति) ।
किम् अस्ति ?
एतद् ।
एतद् किम् अस्ति ?
शरीरम् ।
एतद् शरीरम् कीदृशम् ?
भोगार्थम् ।
केषां शरीरम् भोगार्थम् ?
भविनाम् ।
(અધ્યાહારથી) (अस्ति) ।
किम् अस्ति ?
एतद् ।
एतद् किम् अस्ति ?
शरीरम् ।
एतद् शरीरम् कीदृशम् अस्ति ?
ज्ञानार्थम् ।

केषां शरीरम् ज्ञानार्थम् ?

योगिनाम् ।

कथम् ?

किल वै ।

जाताः ।

के जाताः ?

विषयाः ।

विषयाः किम् जाताः ?

विषम् ।

कस्मात् विषयाः विषम् जाताः ?

सम्यग्ज्ञानात् ।

कथम् ?

चेत् हि ।

किम् ।

केन किम् ?

पुष्ट्या ।

कस्य पुष्ट्या ?

कुणपस्य ।

कथम् ?

ततः ।

**સમાસ :**

◆ भुज् - ગણ ૭ આત્મને. + घञ् = भोग ।

भोगाय इदम् इति भोगार्थम् । (ચતુર્થી તત્પુરુષ)



◆ ज्ञायते इति ज्ञानम् । ज्ञा(जा) ગણ ૯ પરસ્મૈ. + अन (अनट्)

ज्ञानाय इदम् इति ज्ञानार्थम् । (ચતુર્થી તત્પુરુષ)

◆ सम्यग् च अदः ज्ञानम् च इति सम्यग्ज्ञानम् । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)

तस्मात् इति सम्यग्ज्ञानात् ।

**त्वङ्-मांस-मेदोऽस्थि-पुरिष-मूत्र-**
**पूर्णेऽनुरागः कुणपे कथं ते ?**
**द्रष्टा च वक्ता च विवेकरूप-**
**स्त्वमेव साक्षात् किमु मुह्यसीत्थम् ॥६॥**

**॥ इन्द्रवज्रा ॥**

**શબ્દાર્થ :**

**त्वङ्-मांस-मेदोऽस्थिपुरिष-मूत्रपूर्णे** - ચામડી, માંસ, ચરબી, હાડકાં, વિષ્ટા અને મૂત્રથી પૂર્ણ [શરીર]માં (त्वङ्मांसमेदोस्थिपुरिषमूत्रपूर्ण - कुणप નું વિશેષણ નપું. સ. એ.વ.)

**अनुरागः** - આસક્તિ, અનુરાગ (अनुराग - अनु + रञ्ज् (रज्) ગણ ૪ ઉભયપદી + घञ् પું. પ્ર. એ.વ.)

**कुणपे** - શરીરને વિશે (कुणप નપું. સ. એ.વ.)

**कथम्** - શા માટે (અવ્યય)

**ते** - તારો (युष्मद् સર્વનામ અલિંગ ષ. એ.વ. तव નો આદેશ)

**द्रष्टा** - જોનાર [તું] (द्रष्टृ - दृश् ગણ ૧ પરસ્મૈ. + तृ(तृच्) - युष्मद् નું વિશેષણ પું. પ્ર. એ.વ.)

**च** - અને (અવ્યય)

**वक्ता** – બોલનાર [તું] (वक्तृ – वच् ગણ ૨ પરસ્મૈ. + तृ(तृच्) – युष्मद् નું વિશેષણ પું. પ્ર. એ.વ.)

**च** – અને (અવ્યય)

**विवेकरूपः** – વિવેકરૂપવાળો [તું] (विवेकरूप – युष्मद् નું વિશેષણ પું. પ્ર. એ.વ.)

**त्वम्** – તું (युष्मद् સર્વનામ અલિંગ પ્ર. એ.વ.)

**एव** – જ (અવ્યય)

**साक्षात्** – સાક્ષાત્, પ્રત્યક્ષ (અવ્યય)

**किमु** – શા માટે (અવ્યય)

**मुह्यसि** – તું મોહ પામે છે. (मुह् - ગણ ૪ પરસ્મૈ. વ.કા. બી.પુ. એ.વ.)

**इत्थम्** – આ પ્રમાણે, આ રીતે (અવ્યય)

**દંડાન્વય :**

त्वङ्मांसमेदोऽस्थिपुरिषमूत्रपूर्णे कुणपे ते अनुरागः कथम् त्वम् एव साक्षात् द्रष्टा । च त्वम् एव साक्षात् वक्ता । च त्वम् एव साक्षात् विवेकरूपः । किमु इत्थम् मुह्यसि ?

**અર્થ :**

ચામડી, માંસ, ચરબી, હાડકાં, વિષ્ટા અને મૂત્રથી પૂર્ણ એવા શરીરને વિશે તારી આસક્તિ (રાગ) શા માટે છે ? તું જ સાક્ષાત્ દ્રષ્ટા છે અને તું જ સાક્ષાત્ બોલનાર છે અને તું જ સાક્ષાત્ વિવેકરૂપ છે. તું શા માટે આ પ્રમાણે મોહ પામે છે ?

**ખંડાન્વય :**

(અધ્યાહારથી) (अस्ति) ।
कथम् अस्ति ?



कथम् अस्ति ।
कः कथम् अस्ति ?
अनुरागः ।
कस्य अनुरागः ?
ते ।
कस्मिन् अनुरागः ?
कुणपे ।
कथम्भूते कुणपे ?
त्वङ्मांसमेदोऽस्थिपुरिषमूत्रपूर्णे ।
(અધ્યાહારથી) (असि) ।
कः एव असि ?
त्वम् एव ।
त्वम् एव कीदृशः असि ?
त्वम् एव द्रष्टा असि ।
कथम् द्रष्टा असि ?
साक्षात् ।
(અધ્યાહારથી) (असि) ।
कः एव असि ?
त्वम् एव असि ।
त्वम् एव कीदृशः असि ?
वक्ता ।
कथम् वक्ता असि ?
साक्षात् ।

(અધ્યાહારથી) (असि) ।

कः एव असि ?

त्वम् एव असि ।

त्वम् एव कीदृशः असि ?

विवेकरूपः ।

कथम् विवेकरूपः असि ?

साक्षात् ।

मुह्यसि ।

कथम् मुह्यसि ?

इत्थम् मुह्यसि ।

कथम् इत्थम् मुह्यसि ?

किमु ।

**સમાસ :**

- त्वक् च मांसम् च मेदः[(૧)] च अस्थि च पुरिषम् च मूत्रम् च इति त्वङ्-मांस-मेदोऽस्थि-पुरिष-मूत्राणि । (ઇતરેતર द्वन्द्व)
  त्वङ्मांसमेदोऽस्थिपुरिषमूत्रैः पूर्णं इति त्वङ्मांसमेदोऽस्थिपुरिष-मूत्रपूर्णम् । (તૃતીયા તત્પુરુષ)
  तस्मिन् इति त्वङ्मांसमेदोऽस्थिपुरिषमूत्रपूर्णे ।
- वि + विच् ગણ ૨ ઉભયપદી / ગણ ૭ ઉભયપદી + घञ् = विवेक ।
  रूप् ગણ ૧૦ ઉભયપદી + अच् = रूप ।
  विवेकः रूपम् यस्य सः इति विवेकरूपः ।

---

(૧)मेदस् નપું. ચરબી



**धनं न केषां निधनं गतं वै,**

**दरिद्रिणः के धनिनो न दृष्टाः ।**

**(૧)दुःखैकहेत्वत्र धनेऽति तृष्णां,**

**त्यक्त्वा सुखी स्यादिति मे विचारः ॥७॥**

**॥ उपजातिः ॥**

**શબ્દાર્થ :**

**धनम्** – ધન (धन નપું. પ્ર. એ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**केषाम्** – કોનું (किम् સર્વનામ પું. ષ. બ.વ.)

**निधनम्** – મૃત્યુ, નાશ (निधन પું. નપું. દ્વિ. એ.વ.)

**गतम्** – પામેલ [ધન] (गत – गम् (गच्छ) ગણ ૧ પરસ્મૈ. + कर्तरि ભૂતકૃદંતનો त (क्त) – धन નું વિશેષણ નપું. પ્ર. એ.વ.)

**वै** – પાદપૂર્તિ માટે (અવ્યય)

**दरिद्रिणः** – દરિદ્ર, કંગાલ લોકો (दरिद्रिन् – दरिद्रा ગણ ૨ પરસ્મૈ. + णिन्[(૨)] પું. પ્ર. બ.વ.)

**के** – કોણ, કયા [દરિદ્રિઓ] (किम् સર્વનામ - दरिद्रिन् નું વિશેષણ પું. પ્ર. બ.વ.)

**धनिनः** – ધનવાન [દરિદ્રિઓ] (धनिन् – धनम् अस्ति एषाम् इति धन + મત્વર્થીય इन् પું. ષ. બ.વ.)

**न** – નથી (અવ્યય)

---

(૧)પાઠાંતર दुःखैकहेतौ विभवेऽति तृष्णां

**અર્થ :** દુઃખના એકમાત્ર હેતુભૂત એવા વૈભવમાં તૃષ્ણાને અત્યંતપણે છોડીને (જ જીવ) સુખી થાય એ પ્રમાણે મારો વિચાર છે.

(૨)સિ.હે.શ. ૫-૧-૫૩

**दृष्टाः** – જોવાયેલા [દરિદ્રિઓ] (दृश् (पश्य) ગણ ૧ પરસ્મૈ. + કર્મણિ ભૂતકૃદંતનો ત (क्त) – दरिद्रिन् નું વિશેષણ પું. પ્ર. બ.વ.)

**दुःखैकहेतु** – દુઃખનો એકમાત્ર હેતુ (दुःखैकहेतु – अतितृष्णा નું અજહત્ લિંગવાળુ વિશેષણ નપું. દ્વિ. એ.વ.)

**अत्र** – આ [ધન]ને વિશે (અવ્યય ધન ના વિશેષણરૂપે વપરાયેલ)

**धने** – ધનને વિશે (ધન નપું. સ. એ.વ.)

**अति** – અત્યંત (અવ્યય - ક્રિયાવિશેષણરૂપે વપરાયેલ)

**तृष्णाम्** – તૃષ્ણાને (तृष्णा સ્ત્રી. દ્વિ. એ.વ.)

**त्यक्त्वा** – ત્યાગ કરીને (त्यज् ગણ ૧ આત્મને. + સંબંધક ભૂતકૃદંતનો त्वा – અવ્યય)

**सुखी** – સુખી (सुखिन् – सुखम् अस्ति अस्य इति सुख + મત્વર્થીય इन् પું. પ્ર. એ.વ.)

**स्यात्** – થાવ (अस् ગણ ૨ પરસ્મૈ. વિધ્યર્થ ત્રી.પુ. એ.વ.)

**इति** – એ પ્રમાણે (અવ્યય)

**मे** – મારો (अस्मद् સર્વનામ અલિંગ ષ. એ.વ.નો આદેશ)

**विचारः** – વિચાર (विचार – वि + चर् ગણ ૧ પરસ્મૈ. + घञ् પું. પ્ર. એ.વ.)

**દંડાન્વય :**

वै केषाम् धनम् निधनम् न गतम् ? के दरिद्रिणः धनिनः न दृष्टाः ? अत्र धने दुःखैकहेतु तृष्णाम् अति त्यक्त्वा सुखी स्यात् इति मे विचारः ।

**અર્થ :**

અરે ! કોનું ધન નાશ પામ્યું નથી ? (કેટલાયનું ધન નાશ પામ્યું.) કયા દરિદ્રિઓ ધનવાન નથી જોવાયા ? (કેટલાય દરિદ્રો ધનવાન થયા.) દુઃખના એક માત્ર હેતુરૂપ એવી આ ધન ઉપરની તૃષ્ણાને અત્યંતપણે ત્યજીને (જ જીવ) સુખી થાય એ પ્રમાણે મારો વિચાર છે.



**ખંડાન્વય :**

न गतम् ।
किम् न गतम् ?
निधनम् ।
किम् निधनम् न गतम् ?
धनम् ।
केषाम् धनम् ?
केषाम् ।
कथम् ?
वै ।
न दृष्टाः ।
के न दृष्टाः ?
के न दृष्टाः ।
के के न दृष्टाः ?
के दरिद्रिणः न दृष्टाः ।
के दरिद्रिणः कीदृशाः न दृष्टाः ?
धनिनः ।
स्यात् ।
कः स्यात् ?
सुखी ।
किम् कृत्वा सुखी स्यात् ?
त्यक्त्वा ।
कथम् त्यक्त्वा ?
अति ।

काम् त्यक्त्वा ?
तृष्णाम् ।
कस्मिन् तृष्णाम् ?
धने ।
किम्भूते धने ?
अत्र धने ।
कथम्भूता तृष्णाम् ?
दुःखैकहेतु ।
(અધ્યાહારથી) (अस्ति) ।
कः अस्ति ?
विचारः ।
कस्य विचारः ?
मे ।
कथम् विचारः ?
इति ।

**સમાસ :**

◆ एकम् च अदः हेतु च इति एकहेतु । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)
दुःखस्य एकहेतु इति दुःखैकहेतु । (ષષ્ઠી તત્પુરુષ)
तद् इति दुःखैकहेतु ।

**संसारदुःखान्न परोऽस्ति रोगः,**
**सम्यग्विचारात् परमौषधं न ।**
**तद्रोगदुःखस्य विनाशनाय**
**सच्छास्त्रतोऽयं क्रियते विचारः ॥८॥**

**॥ इन्द्रव्रजा ॥**



**શબ્દાર્થ :**

**संसारदुःखात्** – સંસારરૂપ દુઃખથી (અથવા) સંસારના દુઃખથી (संसारदुःख નપું. પં. એ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**परः** – બીજો, પ્રકૃષ્ટ [રોગ] (पर સર્વનામ - रोग માટે વપરાયેલ પું. પ્ર. એ.વ.)

**अस्ति** – છે (अस् ગણ ૨ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**रोगः** – રોગ (रोग – रुज् ગણ ૬ પરસ્મૈ. + घञ् પું. પ્ર. એ.વ.)

**सम्यग्विचारात्** – સમ્યગ્વિચારથી, શાસ્ત્રાનુસારી ચિંતનથી (सम्यग्विचार – પું. પં. એ.વ.)

**परम्** – બીજુ, શ્રેષ્ઠ [ઔષધ] (पर સર્વનામ – औषध માટે વપરાયેલ નપું. પ્ર. એ.વ.)

**औषधम्** – ઔષધ (દવા) (औषध નપું. પ્ર. એ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**तद्रोगदुःखस्य** – તે રોગના દુઃખના (तद्रोगदुःख નપું. ષ. એ.વ.)

**विनाशनाय** – વિનાશ માટે (विनाशन – वि + नश् ગણ ૪ પરસ્મૈ. + પ્રેરકનો णिग् + अन (अनट्) નપું. ચ. એ.વ.)

**सच्छास्त्रतः** – સારા શાસ્ત્રથી, સમ્યગ્ જિનોદિત શાસ્ત્રથી (सच्छास्त्रात् इति सच्छास्त्र + तस् (तद्धितनो) - અવ્યય)

**अयम्** – આ [વિચાર] (इदम् સર્વનામ - विचार માટે વપરાયેલ પું. પ્ર. એ.વ.)

**क्रियते** – કરાય છે (कृ ગણ ૧ પરસ્મૈ. + કર્મણિનો य (क्य) વ.કા. ત્રી.પુ. એ.વ.)

**विचारः** – વિચાર, ચિંતન (विचार – वि + चर् ગણ ૧ પરસ્મૈ. પું. પ્ર. એ.વ.)

**દંડાન્વય :**

संसारदुःखात् परः रोगः न अस्ति । सम्यग्विचारात् परमौषधम् न अस्ति । तद्रोगदुःखस्य विनाशनाय सच्छास्त्रतः अयम् विचारः क्रियते ।

**અર્થ :**

સંસારના દુ:ખથી અન્ય (કોઈ) (ચઢિયાતો) રોગ નથી. સમ્યગ્વિચારથી અન્ય (કોઈ) (પરમ) ઔષધ નથી. તે (સંસારના દુઃખરૂપ) રોગના દુ:ખના નાશ માટે સમ્યગ્શાસ્ત્રથી (જિનવચનાનુસારે) આ વિચાર (અમારા વડે) કરાય છે.

**ખંડાન્વય :**

न अस्ति ।
कः न अस्ति ?
परः न अस्ति ।
परः कः न अस्ति ?
परः रोगः न अस्ति ।
कस्मात् परः रोगः न अस्ति ?
संसारदुःखात् ।
न अस्ति ।(१)
किम् न अस्ति ?
परं न अस्ति ।
परं किम् न अस्ति ?
परम् औषधम् न अस्ति ।

(१)अस्ति પૂર્વના પાદથી લેવું અથવા અધ્યાહારથી લેવું.



कस्मात् परम् औषधम् न अस्ति ?
सम्यग्विचारात् ।
क्रियते ।
कः क्रियते ?
अयम् ।
अयम् कः क्रियते ?
विचारः ।
कुतः क्रियते ?
सच्छास्त्रतः ।
कस्मै क्रियते ?
विनाशनाय ।
कस्य विनाशनाय ?
तद्रोगदुःखस्य ।

**સમાસ :**

◆ संसरति अस्मिन् इति संसारः । (सं + सृ ગણ ૧ પરસ્મૈ. + કૃદંતનો घञ्)

संसारः एव दुःखम् इति संसारदुःखम् । (અવધારણ પૂર્વપદ કર્મધારય)

(અથવા)

संसारस्य दुःखम् इति संसारदुःखम् । (ષષ્ઠી તત્પુરુષ)

तस्मात् इति संसारदुःखात् ।

◆ वि + चर् ગણ ૧ પરસ્મૈ. + घञ् = विचार ।

सम्यक् च असौ विचारः च इति सम्यग्विचारः । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)

तस्मात् इति सम्यग्विचारात् ।

- तद् एव रोगः इति तद्रोगः । (અવધારણ પૂર્વપદ કર્મધારય)
  तद्रोगस्य दुःखम् इति तद्रोगदुःखम् । (ષષ્ઠી તત્પુરુષ)
  तस्य इति तद्रोगदुःखस्य ।
- सत् च अदः शास्त्रम् च इति सच्छास्त्रम् । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)
  सच्छास्त्रात् इति सच्छास्त्रतः । (તદ્ધિતનો तस्)

**अनित्यताया यदि चेत् प्रतीति-**
**स्तत्त्वस्य निष्ठा च गुरुप्रसादात् ।**
**सुखी हि सर्वत्र जने वने च,**
**नो चेद्वने चाथ जनेषु दुःखी ॥९॥ इन्द्रव्रजा ॥**

**શબ્દાર્થ :**

**अनित्यतायाः** – અનિત્યતાની, નશ્વરપણાની (अनित्यता – अनित्यस्य भावः इति अनित्य + ता (तल्) (તદ્ધિતનો))

**यदि** – જો (અવ્યય)

**चेत्** – જો (અવ્યય)

**प्रतीतिः** – પ્રતીતિ, વિશ્વાસ (प्रतीति – प्रति + इ ગણ ૨ પરસ્મૈ. + ति (क्ति) સ્ત્રી. પ્ર. એ.વ.)

**तत्त्वस्य** – તત્ત્વની (तत्त्व – तस्य भावः इति तद् + त्व (તદ્ધિતનો) નપું. ષ. એ.વ.)

**निष्ठा** – નિષ્ઠા, દઢશ્રદ્ધા (निष्ठा સ્ત્રી. પ્ર. એ.વ.)

**च** – અને (અવ્યય)

**गुरुप्रसादात्** – ગુરુકૃપાથી (गुरुप्रसाद પું. પં. એ.વ.)

**सुखी** – સુખી (सुखिन् – सुखम् अस्ति अस्य इति सुख + મત્વર્થીય इन् પું. પ્ર. એ.વ.)



**हि** – ખરેખર (અવ્યય)

**सर्वत्र** – સર્વ ઠેકાણે (અવ્યય)

**जने** – લોકની વચ્ચે (जन પું. સ. એ.વ.)

**वने** – વનમાં (वन નપું. સ. એ.વ.)

**च** – અને (અવ્યય)

**नो** – નથી (અવ્યય)

**चेद्** – જો (અવ્યય)

**वने** – વનમાં (वन નપું. સ. એ.વ.)

**च** – અને (અવ્યય)

**अथ** – હવે (અવ્યય) (અહીં) જ

**जनेषु** – લોકોમાં (जन પું. સ. બ.વ.)

**दुःखी** – દુઃખી (दुःखिन् – दुःखम् इति अस्ति अस्य इति दुःख + મત્વર્થીય इन् પું. પ્ર. એ.વ.)

**દંડાન્વય :**

यदि चेत् अनित्यतायाः प्रतीतिः (स्यात्) । च गुरुप्रसादात् तत्त्वस्य निष्ठा (स्यात्) । जने च वने सर्वत्र हि सुखी (भवेत्) । चेत् नो (अस्ति) अथ वने च जनेषु दुःखी (भवेत्) ।

**અર્થ :**

જો અનિત્યતાની પ્રતીતિ હોય અને સદ્ગુરુ કૃપાથી તત્ત્વની નિષ્ઠા (શ્રદ્ધા) હોય તો (તે) લોકોની વચ્ચે અને વનમાં સર્વ ઠેકાણે સુખી જ થાય (અને) જો (પ્રતીતિ અને નિષ્ઠા) નથી તો વનમાં અને લોકોમાં (લોકોની વચ્ચે) (પણ) દુઃખી જ થાય.

**ખંડાન્વય :**

(અધ્યાહારથી) (स्यात्) ।
का अस्ति ?
प्रतीतिः ।
कस्याः प्रतीतिः ?
अनित्यतायाः ।
कथम् ?
यदि चेत् ।
(અધ્યાહારથી) (स्यात्) ।
का अस्ति ?
निष्ठा ।
कस्य निष्ठा ?
तत्त्वस्य ।
कस्मात् तत्त्वस्य निष्ठा ?
गुरुप्रसादात् ।
कथम् ?
च ।
(અધ્યાહારથી) (भवेत्) ।
कः अस्ति ?
सुखी ।
कुत्र हि सुखी अस्ति ?
सर्वत्र ।
कस्मिन् सर्वत्र ?
जने वने च ।



नो (અધ્યાહારથી) (अस्ति) ।
का नो अस्ति ?
(ઉપરના અનુસંધાનથી) प्रतीतिः च निष्ठा च ।
कथम् ?
चेत् ।
(અધ્યાહારથી) (भवेत्) ।
कथम् ?
अथ ।
कः अथ अस्ति ?
दुःखी ।
केषु दुःखी ?
वने च जनेषु ।

**સમાસ :**

- न नित्यः इति अनित्यः (નઞ્ તત્પુરુષ)
  अनित्यस्य भावः इति अनित्यता । (તદ્ધિતનો ता (तल्))
  तस्याः इति अनित्यतायाः ।
- प्र + सद् (सीय्) ગણ ६ પરસ્મૈ. + घञ् = प्रसाद ।
  गुरोः प्रसादः इति गुरुप्रसादः । (ષષ્ઠી તત્પુરુષ)
  तस्मात् इति गुरुप्रसादात् ।

**मोहान्धकारे भ्रमतीह तावत्,**
**संसारदुःखैश्च कदर्थ्यमानः ।**
**यावद्विवेकार्कमहोदयेन,**
**यथास्थितं पश्यति नात्मरूपम् ॥१०॥**

**॥ उपजातिः ॥**

**શબ્દાર્થ :**

**मोहन्धकारे** – મોહરૂપી અંધકારમાં (मोहान्धकार પું. સ. એ.વ.)

**भ्रमति** – તે ભમે છે (भ्रम् ગણ ૧ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**इह** – અહીં (આ લોકમાં) (અવ્યય)

**तावत्** – ત્યાં સુધી (અવ્યય)

**संसारदुःखैः** – સંસારના દુઃખો વડે (संसारदुःख નપું. તૃ. બ.વ.)

**च** – અને (અવ્યય)

**कदर्थ्यमानः** – કદર્થના કરાતો [જીવ] (कदर्थ्यमान – कदर्थि[૧] નામધાતુ + કર્મણિનો य + વર્તમાન કૃદંતનો आन (आनश्) પું. પ્ર. એ.વ.)

**यावत्** – જ્યાં સુધી (અવ્યય)

**विवेकार्कमहोदयेन** – વિવેકરૂપી સૂર્યના તીવ્ર ઉદયથી (विवेकार्कमहोदय પું. તૃ. એ.વ.)

**यथास्थितम्** – વાસ્તવિક સ્વરૂપ, જેવું સ્થિત છે તેવું (આત્માનું રૂપ) (यथास्थितम् અવ્યયીભાવ સમાસ)

**पश्यति** – તે જુવે છે (दृश् (पश्य) ગણ ૧ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**आत्मरूपम्** – આત્માના સ્વરૂપને (आत्मरूप નપું. દ્વિ. એ.વ.)

**દંડાન્વય :**

तावत् इह संसारदुःखैः कदर्थ्यमानः च मोहान्धकारे भ्रमति, यावद् विवेकार्कमहोदयेन यथास्थितम् आत्मरूपम् न पश्यति ।

---

[૧]कुत्सितः च असौ अर्थः च इति कदर्थः । (कु પૂર્વપદ કર્મધારય) कदर्थम् करोति इति कदर्थ + णिज् સિ.હે.શ. ૩-૪-૪૨ = कदर्थि (कदर्थयति)



**અર્થ :**

ત્યાં સુધી અહીં (આ લોકમાં) (જ) સંસારના દુઃખોથી કદર્થના કરાતો (જીવ) મોહરૂપી અંધકારમાં ભમે છે. જ્યાં સુધી વિવેકરૂપી સૂર્યના મહોદય વડે યથાવસ્થિત (વાસ્તવિક) આત્મસ્વરૂપ જોયું નથી.

**ખંડાન્વય :**

भ्रमति ।
कस्मिन् भ्रमति ?
मोहान्धकारे ।
किम् कुर्वाणः च भ्रमति ?
कदर्थ्यमानः च ।
कैः कदर्थ्यमानः ?
संसारदुःखैः ।
कुत्र कदर्थ्यमानः ?
इह ।
कथम् ?
तावत् ।
न पश्यति ।
किम् न पश्यति ?
आत्मरूपम् ।
कथम्भूतम् आत्मरूपम् ?
यथास्थितम् ।
केन न पश्यति ?
विवेकार्कमहोदयेन ।
कथम् ?
यावत् ।

**સમાસ :**

- अन्धम् करोति इति अन्धकारः । (ઉપપદ તત્પુરુષ સમાસ)
  मुह् - ગણ ૪ ઉભયપદી + घञ् = मोह ।
  मोहः एव अन्धकारः इति मोहान्धकारः । (અવધારણ પૂર્વપદ કર્મધારય)
  तस्मिन् इति मोहान्धकारे ।
- संसारस्य दुःखम् इति संसारदुःखम् । (ષષ્ઠી તત્પુરુષ)
  तैः इति संसारदुःखैः ।
- उद् + इ ગણ ૧ પરસ્મૈ. + अल् = उदय ।
  महान् च असौ उदयः च इति महोदयः । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)
  वि + विच् ગણ ૨ ઉભયપદી / ગણ ૭ ઉભયપદી + घञ् = विवेक ।
  विवेकः एव अर्कः इति विवेकार्कः । (અવધારણ પૂર્વપદ કર્મધારય)
  विवेकार्कस्य महोदयः इति विवेकार्कमहोदयः । (ષષ્ઠી તત્પુરુષ)
  तेन इति विवेकार्कमहोदयेन ।
- तिष्ठति स्म इति स्था (तिष्ठ्) ગણ ૧ પરસ્મૈ. + કર્તરિ ભૂતકૃદંત त (क्त) = स्थित ।
  स्थितम् अनतिक्रमेण इति यथास्थितम् । (અવ્યયીભાવ સમાસ)
- आत्मनः रूपम् इति आत्मरूपम् । (ષષ્ઠી તત્પુરુષ)
  तद् इति आत्मरूपम् ।

**अर्थो ह्यनर्थो बहुधा मतोऽयं,**
**स्त्रीणां चरित्राणि शबोपमानि ।**
**विषेण तुल्या विषयाश्च तेषां,**
**येषां हृदि स्वात्मलयानुभूतिः ॥११॥**
**॥ उपजातिः ॥**



**શબ્દાર્થ :**

**अर्थः** – ધન, દ્રવ્ય (अर्थ – अर्थ् ગણ ૧૦ આત્મને. + अच् પું. પ્ર. એ.વ.)

**हि** – ખરેખર (અવ્યય)

**अनर्थः** – અનર્થ, અર્થરહિત, પ્રયોજન વિનાનું [ધન] (अनर्थ – अर्थ નું વિશેષણ પું. પ્ર. એ.વ.)

**बहुधा** – ઘણા પ્રકારે (बहु प्रकाराः इति बहु + धा (તદ્ધિતનો) (અવ્યય))

**मतः** – મનાયેલો [અર્થ] (मत – मन् ગણ ૮ આત્મને. + કર્મણિ ભૂતકૃદંત त (क्त) – अर्थ નું વિશેષણ પું. પ્ર. એ.વ.)

**अयम्** – આ [અર્થ] (इदम् સર્વનામ - अर्थ માટે વપરાયેલ પું. પ્ર. એ.વ.)

**स्त्रीणाम्** – સ્ત્રીઓના (स्त्री સ્ત્રી. ષ. બ.વ.)

**चरित्राणि** – ચરિત્રો (चरित्र નપું. પ્ર. બ.વ.)

**शबोपमानि** – મડદા સમાન, શબની ઉપમાવાળા [સ્ત્રીના ચરિત્રો] (शबोपम નપું. પ્ર. બ.વ.)

**विषेण** – વિષ, ઝેર (तुल्य) (विष – નપું. તૃ. એ.વ. - तुल्य ના યોગમાં તૃતીયા)

**तुल्याः** – સમાન [વિષયો] (तुल्य – विषय નું વિશેષણ પું. પ્ર. બ.વ.)

**विषयाः** – વિષયો (विषय પું. પ્ર. બ.વ.)

**च** – અને (અવ્યય)

**तेषाम्** – તેમના (तद् સર્વનામ પું. ષ. બ.વ.)

**येषाम्** – જેમના (यद् સર્વનામ પું. ષ. બ.વ.)

**हृदि** – હૃદયમાં (हृदय – हृद् આદેશ નપું. સ. એ.વ.)

**स्वात्मलयानुभूतिः** – પોતાના આત્મામાં લય - એકતાનો અનુભવ
(स्वात्मलयानुभूति સ્ત્રી. પ્ર. એ.વ.)

**દંડાન્વય :**

येषाम् हृदि स्वात्मलयानुभूतिः (तैः) अयम् अर्थः हि बहुधा अनर्थः मतः, स्त्रीणाम् चरित्राणि शबोपमानि, च तेषाम् विषयाः विषेण तुल्याः (सन्ति) ।

**અર્થ :**

જેમના હૃદયમાં પોતાના આત્મામાં લયલીનતાનો (સમતાનો) અનુભવ થયેલ છે (તેમના વડે) આ અર્થ (ધન) તો ઘણા પ્રકારે અર્થ રહિત મનાયેલ છે. સ્ત્રીઓના ચરિત્ર (ચેષ્ટાઓ) મડદાની ઉપમાવાળુ (મનાયેલ છે). તેમને વિષયો વિષ જેવા થાય છે.

**ખંડાન્વય :**

(અધ્યાહારથી) (अस्ति) ।
का अस्ति ?
स्वात्मलयानुभूतिः ।
कस्मिन् स्वात्मलयानुभूतिः ?
हृदि ।
केषाम् हृदि ?
येषाम् ।
मतः ।
कः मतः ?
अयम् ।
अयम् कः मतः ?
अर्थः ।



अर्थः कीदृशः मतः ?
अनर्थः ।
कथम् अनर्थः ?
बहुधा ।
कथम् ?
हि ।
(सन्ति) ।
कानि सन्ति ?
चरित्राणि ।
कासाम् चरित्राणि ?
स्त्रीणाम् ।
स्त्रीणाम् चरित्राणि कीदृशानि सन्ति ?
शबोपमानि ।
(सन्ति) ।
के सन्ति ?
विषयाः ।
केषाम् विषयाः ?
तेषाम् ।
विषयाः कीदृशाः सन्ति ?
तुल्याः ।
केन तुल्याः ?
विषेण ।
कथम् ?
च ।

**સમાસ :**

- न विद्यते अर्थः यस्य सः इति अनर्थः । (નઞ્ બહુવ્રીહિ)
- शबस्य उपमा येषाम् तानि इति शबोपमानि । (વ્યધિકરણ બહુવ્રીહિ)
- स्वस्य आत्मा इति स्वात्मा । (ષષ્ઠી તત્પુરુષ)
- ली - ગણ ૪ આત્મને. + अल् - लय ।

  स्वात्मनि लयः इति स्वात्मलयः । (સપ્તમી તત્પુરુષ)

  अनु + भू ગણ ૧ પરસ્મૈ. + ति (क्ति) = अनुभूति ।

  स्वात्मलयस्य अनुभूतिः इति स्वात्मलयानुभूतिः । (ષષ્ઠી તત્પુરુષ)

**कार्यं च किं ते परदोषदृष्ट्या ?**
**कार्यं च किं ते परचिन्तया च ?**
**वृथा कथं खिद्यसि बालबुद्धे !**
**कुरु स्वकार्यं त्यज सर्वमन्यत् ॥१२॥**

**॥ उपजातिः ॥**

**શબ્દાર્થ :**

**कार्यम्** - કાર્ય, કામ (कार्य નપું. પ્ર. એ.વ.)

**च** - અને (અવ્યય)

**किम्** - શું [કાર્ય] (किम् સર્વનામ - कार्य માટે વપરાયેલ નપું. પ્ર. એ.વ.)

**ते** - તારુ, તારે (युष्मद् સર્વનામ - અલિંગ ષ. એ.વ. - तव નો ते આદેશ)

**परदोषदृष्ट्या** - અન્યના દોષોના દર્શન વડે (परदोषदृष्टि સ્ત્રી. તૃ. એ.વ.)

**कार्यम्** - કાર્ય, કામ (कर्तुम् योग्यम् इति कृ - ગણ ૧ ઉભયપદી + વિધ્યર્થ કૃદંત य = कार्य નપું. પ્ર. એ.વ.)



**च** - અને (અવ્યય)

**किम्** - શું (કામ) (किम् સર્વનામ - कार्य માટે વપરાયેલ નપું. પ્ર. એ.વ.)

**ते** - તારુ, તારે (युष्मद् સર્વનામ - અલિંગ ષ. એ.વ. - तव નો ते આદેશ)

**परचिन्तया** - અન્યની ચિંતા વડે (परचिन्ता સ્ત્રી. તૃ. એ.વ.)

**च** - અને (અવ્યય)

**वृथा** - ફોગટ (અવ્યય)

**कथम्** - શા માટે (અવ્યય)

**खिद्यसि**[૧] - તું ખેદ પામે છે (खिद् - વ.કા. બી.પુ. એ.વ.)

**बालबुद्धे !** - હે બાળક જેવી બુદ્ધિવાળા (જીવ) ! હે મૂઢ મતિવાળા (જીવ) ! (बालबुद्धि પું. સં. એ.વ.)

**कुरु** - તું કર (कृ ગણ ૧ ઉભયપદી આજ્ઞાર્થ બી.પુ. એ.વ.)

**स्वकार्यम्** - પોતાના કાર્યને (स्वकार्य નપું. દ્વિ. એ.વ.)

**त्यज** - તું ત્યાગ કર (त्यज् ગણ ૧ પરસ્મૈ. આજ્ઞાર્થ બી.પુ. એ.વ.)

**सर्वम्** - સર્વ, બધુ (અન્ય) (सर्व સર્વનામ - स्वकार्य થી अन्य માટે વપરાયેલ નપું. દ્વિ. એ.વ.)

**अन्यत्** - અન્ય (अन्यत् સર્વનામ નપું. દ્વિ. એ.વ.)

**દંડાન્વય :**

परदोषदृष्ट्या ते किम् कार्यम् च । च परचिन्तया ते किम् कार्यम् । बालबुद्धे ! कथम् वृथा खिद्यसि ? स्वकार्यम् कुरु । अन्यत् सर्वम् त्यज ।

---

[૧]खिद् ધાતુ ગણ ૪ આત્મનેપદી છે. આથી રૂપ खिद्यसे થાય. અહીં खिद्यसि કેવી રીતે થાય તે ખ્યાલ આવતો નથી. ઘણીવાર અન્ય ગણની ધાતુ અન્ય ગણને પણ પ્રાપ્ત થાય છે. खिद् છઠ્ઠા ગણનો પરસ્મૈ. છે. તે ચોથા ગણમાં લઈ આવું રૂપ કર્યું હોઈ શકે. आर्षप्रयोग આવી રીતે સિદ્ધ થઈ શકે. तत्त्वम् केवलीगम्यम् ।

**અર્થ :**

પરના દોષોના દર્શનથી તારે શું કામ છે ? પરની ચિંતાથી તારે શું કામ છે ? હે બાળબુદ્ધિવાળા જીવ ! તું શા માટે ફોગટ ખેદ કરે છે. તું (તારા) પોતાના કાર્યને કર. અન્ય સર્વનો ત્યાગ કર.

**ખંડાન્વય :**

(અધ્યાહારથી) (अस्ति) ।
किम् अस्ति ?
किम् अस्ति ।
किम् किम् अस्ति ?
किम् कार्यम् अस्ति ।
कस्य किम् कार्यम् ?
ते ।
केन ते किम् कार्यम् अस्ति ?
परदोषदृष्ट्या ।
कथम् ?
च ।
(અધ્યાહારથી) (अस्ति) ।
किम् अस्ति ?
किम् अस्ति ।
किम् किम् अस्ति ?
कार्यम् ।
कस्य किम् कार्यम् ?
ते ।



केन ते किम् कार्यम् अस्ति ?
परचिन्तया ।
कथम् ?
च ।
खिद्यसि ।
कथम् खिद्यसि ?
वृथा ।
कथम् वृथा खिद्यसि ?
कथम् ?
किम् सम्बोधने ?
बालबुद्धे !
कुरु ।
किम् कुरु ?
स्वकार्यम् ।
त्यज ।
किम् त्यज ?
सर्वम् ।
किम् सर्वम् त्यज ?
अन्यद् ।

**સમાસ :**

- दुष् ગણ ૪ પરસ્મૈ. + धञ् = दोष ।
  परेषाम् दोषाः इति परदोषाः । (ષષ્ઠી તત્પુરુષ)
  दृश्यते इति दृष्टिः । (दृश् (पश्य) ગણ ૧ પરસ્મૈ. + ति (क्ति)) ।

परदोषानाम् दृष्टिः इति परदोषदृष्टिः । (ષષ્ઠી તત્પુરુષ)

तया इति परदोषदृष्ट्या ।

- चिन्त् ગણ ૧૦ પરસ્મૈ. + अङ् + आ (आप्) – चिन्ता ।

परेषाम् चिन्ता इति परचिन्ता । (ષષ્ઠી તત્પુરુષ)

तया इति परचिन्तया ।

- बुध् ગણ ૪ આત્મને. + ति (क्ति) – बुद्धि ।

बालः इव बुद्धिः यस्य सः इति बालबुद्धिः । (અવધારણ પૂર્વપદ કર્મધારય)

तत्सम्बोधनम् इति बालबुद्धे !

- स्वस्य कार्यम् इति स्वकार्यम् । (ષષ્ઠી તત્પુરુષ)

तद् इति स्वकार्यम् ।

**यस्मिन् कृते कर्मणि सौख्यलेशो,**
**दुःखानुबन्धस्य तथास्ति नान्तः ।**
**मनोऽभितापो मरणं हि यावत्**
**मूर्खोऽपि कुर्यात् खलु तन्न कर्म ॥१३॥**

**॥ उपजातिः ॥**

**શબ્દાર્થ :**

**यस्मिन्** – જે [કાર્ય] કરે છતે (यद् સર્વનામ - कर्मन् માટે વપરાયેલ નપું. સ. એ.વ.) (સતિ સપ્તમી)

**कृते** – કરે છતે (कृत – कृ ગણ ૧ ઉભયપદી + કર્મણિ ભૂ.કૃ. त (क्त) – कर्मन् નું વિશેષણ નપું. સ. એ.વ. (સતિ સપ્તમી))

**कर्मणि** – કાર્ય, કર્મ, કામ (कर्मन् નપું. સ. એ.વ.) (સતિ સપ્તમી)

**सौख्यलेशः** – સુખનો લેશ, થોડું સુખ (सौख्यलेश પું. પ્ર. એ.વ.)



**दुःखानुबन्धस्य** – દુઃખના અનુબંધનો (दुःखानुबन्ध પું. ષ. એ.વ.)

**तथा** – અને (અવ્યય)

**अस्ति** – છે (अस् ગણ ૨ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**न** – નથી (અવ્યય)

**अन्तः** – અંત, છેડો (अन्त પું. પ્ર. એ.વ.)

**मनोऽभितापः** – મનનો અભિતાપ, સંતાપ, ઉદ્વેગ (मनोऽभिताप પું. પ્ર. એ.વ.)

**मरणम्** – મૃત્યુ (मरण – मृ ગણ ૬ આત્મને. + अन (अनट्) નપું. દ્વિ. એ.વ.)

**हि** – ખરેખર (અવ્યય)

**यावत्** – જ્યાં સુધી (અવ્યય)

**मूर्खः** – મૂરખ (मूर्ख – વિશેષણ પું. પ્ર. એ.વ.)

**अपि** – પણ (અવ્યય)

**कुर्यात्** – તે કરે (कृ(૧) - ગણ ૧ ઉભયપદી વિધ્યર્થ ત્રી.પુ. એ.વ.)

**खलु** – ખરેખર (અવ્યય)

**तद्** – તે (तद् સર્વનામ - कर्मन् માટે વપરાયેલ નપું. દ્વિ. એ.વ.)

**न** – નથી, નહિ (અવ્યય)

**कर्म** – કર્મ, કાર્ય (कर्मन् નપું. દ્વિ. એ.વ.)

**દંડાન્વય :**

यस्मिन् कर्मणि कृते सौख्यलेशः तथा दुःखानुबन्धस्य अन्तः न अस्ति । मनोऽभितापः (भवति) यावत् मरणम् हि । खलु तद् कर्म मूर्खः अपि न कुर्यात् ।

(૧)कृ - ધાતુ ગણ ૧નો છે. એને ૮મા ગણની જેમ ઉ લાગે છે.

**અર્થ :**

જે કાર્ય કરે છતે સુખનો લેશમાત્ર જ થાય અને દુઃખના અનુબંધ (પરંપરા)નો અંત ન થાય, માનસિક સંતાપ - પીડા (થાય) યાવત્ મરણ પણ (થાય), ખરેખર, તે કાર્ય મૂરખો પણ ન કરે (તો વિદ્વાનો તો ન જ કરે).

**ખંડાન્વય :**

(અધ્યાહારથી) (भवति) ।
कः भवति ?
सौख्यलेशः ।
कस्मिन् सति सौख्यलेशः ?
यस्मिन् सति ।
यस्मिन् कस्मिन् सति ?
यस्मिन् कृते सति ।
यस्मिन् कस्मिन् कृते सति ?
यस्मिन् कर्मणि कृते सति ।
न अस्ति ।
कः न अस्ति ?
अन्तः ।
कस्य अन्तः ?
दुःखानुबन्धस्य ?
कथम् ?
तथा ।
(અધ્યાહારથી) (भवति) ।
कः भवति ?



मनोऽभितापः ।
कथम् ?
(અધ્યાહારથી) भवति ।
किम् भवति ?
मरणम् ।
कथम् ?
यावत् मरणम् हि ।
न कुर्यात् ।
कः अपि न कुर्यात् ?
मूर्खः अपि ।
किम् न कुर्यात् ?
तद् ।
तद् किम् ?
कर्म ।
कथम् ?
खलु ।

**સમાસ :**

- सुखम् एव इति सौख्यम् । (તદ્ધિતનો सुख + टयण्)
  सौखस्य लेशः इति सौख्यलेशः । (ષષ્ઠી તત્પુરુષ)
- दुःखस्य अनुबन्धः इति दुःखानुबन्धः । (ષષ્ઠી તત્પુરુષ)
  तस्य इति दुःखानुबन्धस्य ।
- अभि + तप् ગણ ૧ આત્મને. + धञ् = अभिताप ।
  मनसः अभितापः इति मनोऽभितापः । (ષષ્ઠી તત્પુરુષ)

**यदर्जितं वै वयसाऽखिलेन,**

**ध्यानं तपो ज्ञानमुखं च सत्यम् ।**

**क्षणेन सर्वं प्रदहत्यहो तत्,**

**कामो बली प्राप्य छलं यतीनाम् ॥१४॥**

**॥ उपजातिः ॥**

**શબ્દાર્થ :**

**यद्** – જે [પ્રાપ્ત કરાયેલ ધ્યાન વગેરે] (यद् સર્વનામ - अर्जित માટે વપરાયેલ નપું. પ્ર. એ.વ.)

**अर्जितम्** – પ્રાપ્ત કરાયેલ [ધ્યાન વગેરે] (अर्जित – अर्ज् - ગણ ૧ પરસ્મૈ. + કર્મણિ ભૂતકૃદંતનો त (क्त) નપું. પ્ર. એ.વ. - ध्यान, तप, ज्ञान, सत्य નું વિશેષણ)

**वै** – પાદપૂર્તિ માટે (અવ્યય)

**वयसा** – વય, આયુષ્ય (वयस् નપું. તૃ. એ.વ.)

**अखिलेन** – સમગ્ર [વય, આયુષ્ય] વડે (અહીં) આજીવન (अखिल – वयस् નું વિશેષણ નપું. તૃ. એ.વ.)

**ध्यानम्** – ધ્યાન (ध्यान – ध्यै (ध्या) ગણ ૧ પરસ્મૈ. + अनट् – નપું. પ્ર. એ.વ.)

**तपः** – તપ (तपस् નપું. પ્ર. એ.વ.)

**ज्ञानमुखम्** – જ્ઞાન વગેરે (ज्ञानमुख નપું. પ્ર. એ.વ.)

**च** – અને (અવ્યય)

**सत्यम्** – સત્ય (सत्य નપું. પ્ર. એ.વ.)

**क्षणेन** – ક્ષણ માત્રમાં (क्षण પું. તૃ. એ.વ.)

**सर्वम्** – સર્વ (ધ્યાન વગેરે) (सर्व – ध्यान, तपः, ज्ञानमुख, सत्य એ બધાને બદલે વપરાયેલ - નપું. દ્વિ. એ.વ.)

**प्रदहति** – પ્રકૃષ્ટપણે બાળે છે, ભસ્મીભૂત કરે છે (प्र + दह् ગણ ૧ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)



**अहो !** – અરે ! (અવ્યય)

**तत्** – તે [સર્વ ધ્યાન વગેરે] (तद् સર્વનામ - ध्यान, तपस्, ज्ञानमुख, सत्य એ બધા માટે વપરાયેલ નપું. દ્વિ. એ.વ.)

**कामः** – કામદેવ (काम પું. પ્ર. એ.વ.)

**बली** – બળવાન [કામદેવ] (बलिन् – बलम् अस्ति अस्य इति बल + મત્વર્થીય इन् – काम નું વિશેષણ પું. પ્ર. એ.વ.)

**प्राप्य** – પ્રાપ્ત કરીને (प्र + आप् ગણ ૫ પરસ્મૈ. + સંબંધક ભૂતકૃદંત त्वा નો य (यप्) – અવ્યય)

**छलम्** – છળ - કપટ (અહીં) નિમિત્ત, બહાનુ (छल નપું. દ્વિ. એ.વ.)

**यतीनाम्** – સંયમીઓના (यतिन् – यतम् (यम् + त (क्त)) अस्ति एषाम् इति यत + મત્વર્થીય इन् પું. ષ. બ.વ.)

**દંડાન્વય :**

वै अखिलेन वयसा यद् ध्यानम्, तपः, ज्ञानमुखम् च सत्यम् अर्जितम् अहो ! बली कामः छलम् प्राप्य यतीनाम् तत् सर्वम् क्षणेन प्रदहति ।

**અર્થ :**

અરે, આખી જીંદગીમાં (સંયમ પાળીને) જે ધ્યાન, તપ, જ્ઞાન વગેરે (દર્શન, ચારિત્ર) અને સત્ય પ્રાપ્ત કરાયા, અરે ! બળવાન કામદેવ (કોઈ) નિમિત્તને પ્રાપ્ત કરીને સંયમીઓના તે સર્વે (ધ્યાન વગેરે) ક્ષણમાત્રમાં ભસ્મીભૂત કરે છે.

**ખંડાન્વય :**

अर्जितम् ।

किम् अर्जितम् ?

यद् ।

यद् किम् च अर्जितम् ?
सत्यम् च ।
पुनः किम् अर्जितम् ?
ज्ञानमुखम् ।
पुनः किम् अर्जितम् ?
तपः ।
पुनः किम् अर्जितम् ?
ध्यानम् ।
केन अर्जितम् ?
वयसा ।
कथम्भूतेन वयसा ?
अखिलेन ।
कथम् ?
वै ।
प्रदहति ।
केन प्रदहति ?
क्षणेन ।
किम् प्रदहति ?
तत् ।
तत् किम् प्रदहति ?
सर्वम् ।
कस्य तत् सर्वम् ?
यतीनाम् ।
किम् कृत्वा प्रदहति ?
प्राप्य ।



किम् प्राप्य ?
छलम् ।
कः प्रदहति ?
कामः ।
कथम्भूतः कामः ?
बली ।
कथम् ?
अहो !

**સમાસ :**

◆ ज्ञा (जा) - ગણ ૯ પરસ્મૈ. + अन (अनट्) = ज्ञान ।
ज्ञानम् मुखम् येषाम् तद् इति ज्ञानमुखम् । (સમાનાધિકરણ બહુવ્રીહિ)

**बलादसौ मोहरिपुर्जनानां,**
**ज्ञानं विवेकं च निराकरोति ।**
**मोहाभिभूतं हि जगद्विनष्टं,**
**तत्त्वावबोधादपयाति मोहः ॥१५॥**

**॥ उपजातिः ॥**

**શબ્દાર્થ :**

**बलाद्** - બળપૂર્વક, બળજબરીથી (बल નપું. પં. એ.વ.)
**असौ** - આ [મોહરૂપી શત્રુ] (अदस् સર્વનામ - मोहरिपु માટે વપરાયેલ પું. પ્ર. એ.વ.)
**मोहरिपुः** - મોહરૂપી શત્રુ (मोहरिपु પું. પ્ર. એ.વ.)
**जनानाम्** - લોકોના (जन પું. ષ. બ.વ.)
**ज्ञानम्** - જ્ઞાનને (ज्ञान નપું. દ્વિ. એ.વ.)

**विवेकम्** – વિવેકને (विवेक નપું. દ્વિ. એ.વ.)

**च** – અને (અવ્યય)

**निराकरोति** – દૂર કરે છે, નાશ કરે છે (निर् + आ + कृ ગણ ૧ ઉભયપદી વ.કા. ત્રી.પુ. એ.વ.)

**मोहाभिभूतम्** – મોહથી અભિભૂત થયેલ, પરાભવ પામેલ [જગત] (मोहाभिभूत – जगत् નું વિશેષણ નપું. પ્ર. એ.વ.)

**हि** – ખરેખર (અવ્યય)

**जगत्** – જગત (जगत् નપું. પ્ર. એ.વ.)

**विनष्टम्** – નાશ પામેલ [જગત] (विनष्ट – वि + नश् ગણ ૪ પરસ્મૈ. + કર્તરિ ભૂતકૃદંત त (क्त) – जगत् નું વિશેષણ નપું. પ્ર. એ.વ.)

**तत्त्वावबोधात्** – તત્ત્વજ્ઞાનથી (तत्त्वावबोध પું. પં. એ.વ.)

**अपयाति** – દૂર જાય છે, નાશ પામે છે (अप + या ગણ ૨ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**मोहः** – મોહ (मोह પું. પ્ર. એ.વ.)

**દંડાન્વય :**

असौ मोहरिपुः जनानाम् ज्ञानम् विवेकम् च बलाद् निराकरोति। हि मोहाभिभूतम् जगत् विनष्टम् । मोहः तत्त्वावबोधात् अपयाति ।

**અર્થ :**

આ મોહરૂપી શત્રુ લોકોના જ્ઞાન અને વિવેકને બળજબરીથી નાશ કરે છે. ખરેખર, મોહથી અભિભૂત (પરાજિત થયેલ) જગત નાશ પામેલું જ છે. મોહ તત્ત્વજ્ઞાનથી (સમ્યગ્જ્ઞાનથી) દૂર જાય છે.

**ખંડાન્વય :**

निराकरोति ।
कस्मात् निराकरोति ?
बलाद् ।



कम् च निराकरोति ?
विवेकम् च ।
पुनः किम् निराकरोति ।
ज्ञानम् ।
केषाम् ज्ञानम् विवेकम् च ?
जनानाम् ।
कः निराकरोति ?
असौ ।
असौ कः निराकरोति ?
मोहरिपुः ।
विनष्टम् ।
किम् विनष्टम् ?
जगत् ।
कथम्भूतम् जगत् ?
मोहाभिभूतम् ।
कथम् ?
हि ।
अपयाति ।
कः अपयाति ?
मोहः ।
कस्मात् अपयाति ?
तत्त्वावबोधात् ।

**સમાસ :**

- मुह् – ગણ ૪ ઉભયપદી + धञ् = मोह ।
  मोहः एव रिपुः इति मोहरिपुः । (અવધારણ પૂર્વપદ કર્મધારય)
- अभि + भू – ગણ ૧ પરસ્મૈ. + કર્તરિ ભૂતકૃદંત त (क्त) = अभिभूत ।
  मोहेन अभिभूतम् इति मोहाभिभूतम् । (તૃતીયા તત્પુરુષ)
- अवबुध्यते इति अवबोधः । (अव + बुध् – ગણ ૪ આત્મને. + धञ्)
  तस्य भावः इति तत्त्वम् । (तद्धितनो त्व)
  तत्त्वस्य अवबोधः इति तत्त्वावबोधः । (ષષ્ઠી તત્પુરુષ)
  तस्मात् इति तत्त्वावबोधात् ।

**सर्वत्र सर्वस्य सदा प्रवृत्ति-**
**र्दुःखस्य नाशाय सुखस्य हेतोः ।**
**तथापि दुःखं न विनाशमेति,**
**सुखं न कस्यापि भजेत् स्थिरत्वम् ॥१६॥**
**॥ उपजातिः ॥**

**શબ્દાર્થ :**

**सर्वत्र** – સર્વ ઠેકાણે, બધે (અવ્યય)

**सर्वस्य** – બધાની, સર્વની (सर्व સર્વનામ પું. ષ. એ.વ.)

**सदा** – હંમેશા (અવ્યય)

**प्रवृत्तिः** – પ્રવૃત્તિ, કાર્ય (प्रवृत्ति – प्र + वृत् ગણ ૧ આત્મને. + ति (क्ति) સ્ત્રી. પ્ર. એ.વ.)

**दुःखस्य** – દુઃખના (दुःख નપું. ષ. એ.વ.)

**नाशाय** – નાશને માટે (नाश – नश् ગણ ૪ પરસ્મૈ. + धञ् પું. ચ. એ.વ.)



**सुखस्य** – સુખના (सुख નપું. ષ. એ.વ.)

**हेतोः** – હેતુથી (हेतु પું. પં. એ.વ.)

**तथापि** – તો પણ (અવ્યય)

**दुःखम्** – દુઃખ (दुःख નપું. પ્ર. એ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**विनाशम्** – વિનાશને, નાશને (विनाश – वि + नश् ગણ ૪ પરસ્મૈ. + धञ् પું. દ્વિ. એ.વ.)

**एति** – પામે છે, જાય છે (इ ગણ ૨ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**सुखम्** – સુખ (सुख નપું. પ્ર. એ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**कस्यापि** – કોઈનું પણ (किम् સર્વનામ - પું. ષ. એ.વ. + અનિશ્ચિત અર્થમાં अपि અવ્યય)

**भजेत्** – ભજે (અહીં) પામે (भज् ગણ ૧ ઉભયપદી વિધ્યર્થ ત્રી.પુ. એ.વ.)

**स्थिरत्वम्** – સ્થિરપણાને (स्थिरत्व – स्थिरस्य भावः इति स्थिर + त्व (तद्धित) નપું. દ્વિ. એ.વ.)

**દંડાન્વય :**

सर्वत्र सर्वस्य प्रवृत्तिः सदा दुःखस्य नाशाय सुखस्य हेतोः (भवति)। तथापि कस्यापि दुःखम् विनाशम् न एति । कस्यापि सुखम् स्थिरत्वम् न भजेत् ।

**અર્થ :**

બધે ઠેકાણે બધાની પ્રવૃત્તિ હંમેશા દુઃખના નાશ માટે (અને) સુખના હેતુથી (સુખની પ્રાપ્તિ માટે) થાય છે તો પણ કોઈનું દુઃખ વિનાશ પામતું નથી (અને) કોઈનું સુખ સ્થિરતાને પામતું નથી.

**ખંડાન્વય :**

(અધ્યાહારથી) (भवति) ।

का भवति ?

प्रवृत्तिः ।

कस्य प्रवृत्तिः ?

सर्वस्य ।

प्रवृत्तिः कस्मात् भवति ?

हेतोः भवति ।

कस्य हेतोः ?

सुखस्य ।

प्रवृत्तिः कस्मै भवति ?

नाशाय ।

कस्य नाशाय ?

दुःखस्य ।

प्रवृत्तिः कदा भवति ?

सदा ।

कुत्र प्रवृत्तिः भवति ?

सर्वत्र ।

न एति ।

कम् न एति ?

विनाशम् ।

किम् न एति ?

दुःखम् ।

कस्य दुःखम् ?

कस्यापि ।



कथम् ?

तथापि ।

न भजेत् ।

किम् भजेत् ?

स्थिरत्वम् ।

किम् स्थिरत्वम् न भजेत् ?

सुखम् ।

कस्य सुखम् ?

कस्यापि ।

**यत् कृत्रिमं वैषयिकादिसौख्यं,**
**भ्रमन् भवे को न लभेत मर्त्यः ।**
**सर्वेषु तच्चाधममध्यमेषु,**
**यद् दृश्यते तत्र किमद्भुतं च ॥१७॥**

**॥ उपजातिः ॥**

**શબ્દાર્થ :**

**यद्** – જે [વિષયોનું સુખ] (यद् સર્વનામ - वैषयिकादिसुख માટે વપરાયેલ નપું. દ્વિ. એ.વ.)

**कृत्रिमम्** – કૃત્રિમ [વિષયોનું સુખ] (कृत्रिम – वैषयिकादिसौख्य નું વિશેષણ નપું. દ્વિ. એ.વ.)

**वैषयिकादिसौख्यम्** – વિષયો વગેરેથી થતું સુખ (वैषयिकादिसौख्य નપું. દ્વિ. એ.વ.)

**भ्रमन्** – ભમતો [મનુષ્ય] (भ्रमत् – भ्रम् ગણ ૧ પરસ્મૈ. + વર્તમાન કૃદંત अत् (शतृ) – मर्त्य નું વિશેષણ પું. પ્ર. એ.વ.)

**भवे** – ભવમાં (भव પું. સ. એ.વ.)

**कः** – કોણ, કયો [મનુષ્ય] (किम् સર્વનામ - मर्त्य માટે વપરાયેલ પું. પ્ર. એ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**लभेत** – પ્રાપ્ત કરે (लभ् – ગણ ૧ આત્મને. વિધ્યર્થ ત્રી.પુ. એ.વ.)

**मर्त्यः** – મનુષ્ય (मर्त्य પું. પ્ર. એ.વ.)

**सर्वेषु** – સર્વ [અધમ અને મધ્યમ]માં (સર્વ સર્વનામ - અધમમધ્યમ માટે વપરાયેલ નપું. સ. બ.વ.)

**तद्** – તે [વિષયોનું સુખ] (तद् સર્વનામ - वैषयिकादिसौख्य માટે વપરાયેલ નપું. પ્ર. એ.વ.)

**च** – અને (અવ્યય)

**अधममध्यमेषु** – અધમ અને મધ્યમ (કુલો)માં (अधममध्यम નપું. સ. બ.વ. અધ્યાહાર कुल – स्थान ના વિશેષણ રૂપે વપરાયેલ છે.)

**यद्** – જે કારણથી (અવ્યય)

**दृश्यते** – જોવાય છે (दृश् (पश्य) – ગણ ૧ પરસ્મૈ. + કર્મણિનો ય વ.કા. ત્રી.પુ. એ.વ.)

**तत्र** – ત્યાં (અવ્યય)

**किम्** – શું (किम् સર્વનામ - अद्‌भुत માટે વપરાયેલ નપું. પ્ર. એ.વ.)

**अद्‌भुतम्** – આશ્ચર્ય (अद्‌भुत નપું. પ્ર. એ.વ.)

**દંડાન્વય :**

यद् कृत्रिमम् वैषयिकादिसौख्यम् (तद्) भवे भ्रमन् कः मर्त्यः न लभेत ? च यद् सर्वेषु अधममध्यमेषु तद् दृश्यते । (तद्) तत्र किम् अद्‌भुतम् ?

**અર્થ :**

જે કૃત્રિમ એવા વિષય વગેરેના સુખ છે (તે સુખને) ભવમાં ભ્રમણ કરતા કયા મનુષ્યએ પ્રાપ્ત કરેલ નથી ? અને જે કારણથી સર્વ અધમ અને મધ્યમ (કુલોમાં) (પણ) તે (વિષયોના સુખો) જોવાય છે, (તે કારણથી) તેમાં (વિષયસુખમાં) શું આશ્ચર્ય છે ?



**ખંડાન્વય :**

भवति ।

किम् भवति ?

वैषयिकादिसौख्यम् ।

कथम्भूतम् वैषयिकादिसौख्यम् ?

कृत्रिमम् ।

कथम् ।

यद् ।

न लभेत ।

कः न लभेत ?

कः ।

कः कः न लभेत ?

मर्त्यः ।

किम् कुर्वन् कः मर्त्यः न लभेत ?

भ्रमन् ।

कस्मिन् भ्रमन् ?

भवे भ्रमन् ।

(कथम् ?)

(तद् ।)

दृश्यते ।

किम् दृश्यते ?

तद् ।

केषु तद् दृश्यते ?

सर्वेषु ।

सर्वेषु केषु तद् दृश्यते ?

अधममध्यमेषु ।

कथम् ?

च यद् ।

(અધ્યાહારથી) (अस्ति) ।

किम् अस्ति ?

किम् अस्ति ।

किम् किम् अस्ति ?

किम् अद्भुतम् अस्ति ।

कुत्र किम् अद्भुतम् अस्ति ?

तत्र ।

कथम् ?

(અધ્યાહારથી) (तद्) ।

**સમાસ :**

- विषयेण निर्वृत्तम् इति वैषयिकम् । (तद्धित)
  वैषयिकम् आदौ यस्य तद् इति वैषयिकादि । (વ્યધિકરણ બહુવ્રીહિ)
  सुखम् एव इति सौख्यम् । (तद्धित - सुख + [१]ट्यण्)
  वैषयिकादि च अदः सौख्यम् च इति वैषयिकादिसौख्यम् । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)
- अधमानि च मध्यमानि च इति अधममध्यमानि (ઇતરેતર દ્વન્દ્વ)
  तेषु इति अधममध्यमेषु ।

[१]સિ.હે.શ. ૭-૨-૧૬૪



**क्षुधातृषाकामविकाररोष-**
**हेतुश्च तद्भेषजवद् वदन्ति ।**
**तदस्वतन्त्रं क्षणिकं प्रयासकृद्,**
**यतीश्वरा दूरतरं त्यजन्ति ॥१८॥**

**॥ उपजातिः ॥**

**શબ્દાર્થ :**

**क्षुधातृषाकामविकाररोषहेतुः** – ભૂખ, તરસ, કામ, વિકાર અને ક્રોધનો હેતુ - કારણ (क्षुधातृषाकामविकाररोषहेतु પું. પ્ર. એ.વ.)

**च** – અને (અવ્યય)

**तद्** – તેને (વૈષયિક સુખને) (तद् સર્વનામ - પૂર્વની ગાથાના અનુસંધાનથી वैषयिकादिसौख्य માટે વપરાયેલ નપું. પ્ર. એ.વ.)

**भेषजवद्** – ઔષધ તુલ્ય (भेषजस्य इव इति भेषज + वत् (तद्धित) - અવ્યય)

**वदन्ति** – (તેઓ) કહે છે (वद् ગણ ૧ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. બ.વ.)

**तद्** – તે (વૈષયિક સુખ) (तद् સર્વનામ - वैषयिकादिसौख्य માટે વપરાયેલ પું. દ્વિ. એ.વ.)

**अस्वतन्त्रम्** – અસ્વતંત્ર, પરતંત્ર (વૈષયિક સુખ) (अस्वतन्त्र – वैषयिकादिसौख्य માટે વપરાયેલ વિશેષણ નપું. દ્વિ. એ.વ.)

**क्षणिकम्** – ક્ષણિક, નાશવંત (વૈષયિક સુખ) (क्षणिक – वैषयिकादिसौख्य માટે વપરાયેલ વિશેષણ નપું. દ્વિ. એ.વ. - क्षणः अस्ति अस्य इति क्षण + इक મત્વર્થીય)

**प्रयासकृत्** – પ્રયાસથી સાધ્ય, પ્રયત્ન સાધ્ય (વૈષયિક સુખ) (प्रयासकृत् નપું. દ્વિ. એ.વ. - वैषयिकादिसौख्य માટે વપરાયેલનું વિશેષણ)

**यतीश्वराः** – મુનિઓ (यतीश्वर પું. પ્ર. બ.વ.)

**दूरतरम्** – અત્યંત દૂરથી (दूरतर – इदम् दूरम् इदम् अपि दूरम्, इदम् अनयोः अतिशयेन दूरम् इति दूर + तरप् (दूरतर – ક્રિયાવિશેષણ નપું. દ્વિ. એ.વ.)

**त्यजन्ति** – ત્યાગ કરે છે (त्यज् ગણ ૧ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. બ.વ.)

**દંડાન્વય :**

च क्षुधातृषाकामविकाररोषहेतुः तद् भेषजवद् वदन्ति । यतीश्वराः अस्वतन्त्रम् क्षणिकम् प्रयासकृत् तद् दूरतरम् त्यजन्ति ।

**અર્થ :**

વળી, (ભોગીઓ) (જે) ભૂખ, તરસ, કામ, વિકાર અને ક્રોધના કારણ છે તે(વૈષયિકાદિ સુખ)ને ઔષધિ તુલ્ય કહે છે. મુનિઓ પરતંત્ર, ક્ષણિક અને પ્રયાસસાધ્ય તે (વૈષયિકાદિ સુખ)નો અત્યંત દૂરથી જ ત્યાગ કરે છે.

**ખંડાન્વય :**

અધ્યાહારથી (अस्ति) ।
कः अस्ति ?
क्षुधातृषाकामविकाररोषहेतुः अस्ति ।
कथम् ?
च ।
वदन्ति ।
किम् वदन्ति ?
तद् ।
तद् किंवद् वदन्ति ?
भेषजवद् ।
त्यजन्ति ।
कथम् त्यजन्ति ?
दूरतरम् ।



किम् त्यजन्ति ?
तद् ।
कथम्भूतम् तद् ?
प्रयासकृत् ।
पुनः कथम्भूतम् तद् ?
क्षणिकम् ।
पुनः कथम्भूतम् तद् ?
अस्वतन्त्रम् ।
के ?
यतीश्वराः ।

**સમાસ :**

- वि + कृ ગણ ૧ ઉભયપદી + घञ् = विकार ।
  रुष् ગણ ૪ પરસ્મૈ. + घञ् = रोष ।
  क्षुधा च तृषा च कामः च विकारः च रोषः च इति क्षुधातृषाकामविकाररोषाः । (ઇતરેતર દ્વન્દ્વ)
  क्षुधातृषाकामविकाररोषाणाम् हेतुः इति क्षुधातृषाकामविकार–रोषहेतुः । (ષષ્ઠી તત્પુરુષ)
- भेषम् जयति इति भेषजम् । (ઉપપદ તત્પુરુષ - ड સમાસાંત)
  भेषजस्य इव इति भेषजवद् । (તદ્ધિતનો वत्)
- स्वस्य तन्त्रम् यस्मिन् तद् इति स्वतन्त्रम् । (વ્યધિકરણ બહુવ્રીહિ)
  न स्वतन्त्रम् इति अस्वतन्त्रम् (નઞ્ તત્પુરુષ)
  तद् इति अस्वतन्त्रम् ।
- प्रयासेन क्रियते इति प्रयासकृत् । (ઉપપદ તત્પુરુષ क्विप्[૧] સમાસાંત)
  तद् इति प्रयासकृत् ।

---
[૧] સિ.હે.શ. ૫-૧-૧૪૮

◆ यम् + ભાવે ભૂતકૃદંત त (क्त) = यत ।

यतम् अस्ति एषाम् इति यतिनः । (यत + મત્વર્થીય इन्)

यतिनाम् ईश्वराः[1] इति यतीश्वराः। (ષષ્ઠી તત્પુરુષ)

(અથવા)

यतन्ते मोक्षाय इति यतयः ।

यतीनाम् ईश्वराः इति यतीश्वराः । (ષષ્ઠી તત્પુરુષ)

**गृहीतलिङ्गस्य च चेद्धनाशा,**
**गृहीतलिङ्गो विषयाभिलाषी ।**
**गृहीतलिङ्गो रसलोलुपश्चेद् ,**
**विडम्बनं नास्ति ततोऽधिकं हि ॥१९॥**

**॥ उपेन्द्रव्रजा ॥**

**શબ્દાર્થ :**

**गृहीतलिङ्गस्य** – મુનિવેશને ગ્રહણ કરનારના (गृहीतलिङ्ग પું. ષ. એ.વ.)

**च** – અને (અવ્યય)

**चेत्** – જો (અવ્યય)

**धनाशा** – ધનની ઇચ્છા (धनाशा સ્ત્રી. પ્ર. એ.વ.)

**गृहीतलिङ्गः** – મુનિવેશને ગ્રહણ કરનાર (गृहीतलिङ्ग પું. પ્ર. એ.વ.)

**विषयाभिलाषी** – વિષયના અભિલાષી [મુનિવેશને ગ્રહણ કરનાર] (विषयाभिलाषिन् – गृहितलिङ्ग નું વિશેષણ – विषयाभिलाषः अस्ति अस्य इति विषयाभिलाष + મત્વર્થીય इन् પું. પ્ર. એ.વ.)

**गृहीतलिङ्गः** – મુનિવેશને ગ્રહણ કરનાર (गृहीतलिङ्ग પું. પ્ર. એ.વ.)

[1]ईश् + वर (કૃદંતનો પ્રત્યય)



**रसलोलुपः** – રસમાં આસક્ત (रसलोलुप પું. પ્ર. એ.વ.)

**चेत्** – જો (અવ્યય)

**विडम्बनम्** – વિડંબના, કષ્ટ (विडम्बन - वि + डम्ब् ગણ ૧૦ ઉભયપદી + अन (अनट्) નપું. પ્ર. એ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**अस्ति** – છે (अस् ગણ ૨ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**ततः** – તેનાથી (तस्मात् इति तद् + तस् (તદ્ધિતનો) - અવ્યય)

**अधिकम्** – વધારે [વિડંબના] (अधिक – विडम्बन નું વિશેષણ નપું. પ્ર. એ.વ.)

**हि** – ખરેખર (અવ્યય)

**દંડાન્વય :**

चेत् गृहीतलिङ्गस्य धनाशा, च गृहीतलिङ्गः विषयाभिलाषी, चेत् गृहीतलिङ्गः रसलोलुपः, हि ततः अधिकम् विडम्बनम् न अस्ति।

**અર્થ :**

જો મુનિવેશને ધારણ કરનારને ધનની ઇચ્છા હોય, અને મુનિવેશને ધારણ કરનાર વિષયનો અભિલાષી હોય, જો મુનિવેશને ધારણ કરનાર રસમાં (ભોજનમાં) આસક્ત હોય તો તેનાથી અધિક (બીજી કોઈ) વિડંબના નથી.

**ખંડાન્વય :**

(અધ્યાહારથી) (अस्ति) ।
का अस्ति ?
धनाशा ।
कस्य धनाशा ?
गृहीतलिङ्गस्य ।
कथम् ।
चेत् ।

(અધ્યાહારથી) (अस्ति) ।

कः अस्ति ?

गृहीतलिङ्गः ।

गृहीतलिङ्गः कीदृशः अस्ति ?

विषयाभिलाषी ।

कथम् ?

च ।

(અધ્યાહારથી) (अस्ति) ।

कः अस्ति ?

गृहीतलिङ्गः ।

गृहीतलिङ्गः कीदृशः अस्ति ?

रसलोलुपः ।

कथम् ?

चेत् ।

न अस्ति ।

किम् न अस्ति ?

विडम्बनम् ।

कथम्भूतम् विडम्बनम् ?

अधिकम् ।

कथम् ?

ततः ।

कथम् ?

हि ।



**સમાસ :**

- ग्रह ગણ ૧ પરસ્મૈ. + કર્મણિ ભૂતકૃદંત त (क्त) = गृहीत।

  लिग् ગણ ૧ પરસ્મૈ. + घञ् = लिङ्ग ।

  गृहीतम् लिङ्गम् येन सः इति गृहीतलिङ्गः । (સમાનાધિકરણ બહુવ્રીહિ)

  तस्य इति गृहीतलिङ्गस्य ।
- धनस्य आशा इति धनाशा । (ષષ્ઠી તત્પુરુષ)
- रसेषु लोलुपः इति रसलोलुपः । (સપ્તમી તત્પુરુષ)
- अभि + लष् - ગણ ૧ ઉભયપદી + णिन् = अभिलाषिन् ।

  विषयाणाम् अभिलाषी इति विषयाभिलाषी । (ષષ્ઠી તત્પુરુષ)

**ये लुब्धचित्ता विषयार्थभोगे,**
**बहिर्विरागा हृदि बद्धरागाः ।**
**ते दाम्भिका वेषधराश्च धूर्त्ता,**
**मनांसि लोकस्य तु रञ्जयन्ति ॥२०॥**

**॥ उपजातिः ॥**

**શબ્દાર્થ :**

**ये** - જેઓ (यद् સર્વનામ પું. પ્ર. બ.વ.)

**लुब्धचित्ताः** - આસક્ત ચિત્તવાળા, લોલુપ મનવાળા (लुब्धचित्त પું. પ્ર. બ.વ.)

**विषयार्थभोगे** - વિષયો (પાંચ ઈન્દ્રિયોના) અને ધનને ભોગવવામાં (विषयार्थभोग પું. સ. એ.વ.)

**बहिः** - બહારથી (અવ્યય)

**विरागाः** - વૈરાગ્યવાળા (विराग પું. પ્ર. બ.વ.)

**हृदि** – હૃદયને વિશે (हृदय – हृद् આદેશ નપું. સ. એ.વ.)

**बद्धरागाः** – બંધાયેલા રાગવાળા (बद्धराग પું. પ્ર. બ.વ.)

**ते** – તેઓ (तद् સર્વનામ પું. પ્ર. બ.વ.)

**दाम्भिकाः** – દાંભિકો (दाम्भिक – दम्भेन धर्मम् चरति इति दम्भ् + इकण् (तद्धित) પું. પ્ર. બ.વ.)

**वेषधराः** – વેશને ધારણ કરનારા, માત્ર વેશધારી (वेषधर પું. પ્ર. બ.વ.)

**च** – અને (અવ્યય)

**धूर्त्ताः** – ધૂતારાઓ (धूर्त्त – धुर्व् – ગણ ૧ પરસ્મૈ + कर्तरि ભૂતકૃદંત त (क्त) પું. પ્ર. બ.વ.)

**मनांसि** – મનની અંદર (मनस् નપું. દ્વિ. બ.વ.)

**लोकस्य** – લોકનું (लोक પું. ષ. એ.વ.)

**तु** – વળી (અવ્યય)

**रञ्जयन्ति** – રાગ કરાવે છે, ખુશ કરે છે (रञ्ज् ગણ ૪ ઉભયપદી + પ્રેરકનો णिग् – વ.કા. ત્રી.પુ. બ.વ.)

**દંડાન્વય :**

विषयार्थभोगे लुब्धचित्ताः ये बहिः विरागाः हृदि बद्धरागाः (सन्ति)। ते दाम्भिकाः धूर्त्ताः च वेषधराः लोकस्य मनांसि तु रञ्जयन्ति।

**અર્થ :**

(પાંચ ઇન્દ્રિયના) વિષયો અને ધનના ભોગમાં આસક્ત ચિત્તવાળા જેઓ બહારથી વૈરાગી અને હૃદયમાં રાગવાળા છે, તે દાંભિક, ધૂતારા અને વેશને ધારણ કરનારા (તો માત્ર) લોકોના મનને જ ખુશ કરે છે.



**ખંડાન્વય :**

(અધ્યાહારથી) (सन्ति) ।

के सन्ति ?

ये ।

के ये सन्ति ?

लुब्धचित्ताः ।

कस्मिन् लुब्धचित्ताः ?

विषयार्थभोगे ।

लुब्धचित्ताः ये कीदृशाः सन्ति ?

विरागाः ।

कथम् विरागाः ?

बहिः ।

लुब्धचित्ताः ये पुनः कीदृशः सन्ति ?

बद्धरागाः ।

कस्मिन् बद्धरागाः ?

हृदि ।

रञ्जयन्ति ।

कथम् रञ्जयन्ति ?

तु ।

कानि रञ्जयन्ति ?

मनांसि ।

कस्य मनांसि ?

लोकस्य ।

के रञ्जयन्ति ?

ते रञ्जयन्ति ।

ते के रञ्जयन्ति ?

वेषधराः ।

कथम्भूतः वेषधराः ?

दाम्भिकाः ।

पुनः कथम्भूताः च वेषधराः ?

धूर्त्ताः च ।

**સમાસ :**

- लुभ् ગણ ૪ પરસ્મૈ. + કર્તરિ ભૂતકૃદંત त (क्त) = लुब्ध ।
  लुब्धम् चितम् येषाम् ते इति लुब्धचित्ताः । (સમાનાધિકરણ બહુવ્રીહિ)
- वि + षि ગણ ૫ ઉભયપદી + अच् = विषय ।
  अर्थ् ગણ ૧૦ આત્મને. + अच् = अर्थ ।
  विषयाः च अर्थाः च इति विषयार्थाः । (ઇતરેતર દ્વન્દ્વ)
  भुज् ગણ ૭ આત્મને. + घञ् = भोग ।
  विषयार्थानाम् भोगः इति विषयार्थभोगः । (ષષ્ઠી તત્પુરુષ)
  तस्मिन् इति विषयार्थभोगे ।
- रञ्ज् ગણ ૪ ઉભયપદી + घञ् = राग ।
  विगतः रागः येभ्यः ते इति विरागाः । (પ્રાદિ બહુવ્રીહિ)
- बन्ध् ગણ ૯ પરસ્મૈ. + કર્મણિ ભૂતકૃદંત त (क्त) = बद्ध ।
  बद्धः रागः यैः ते इति बद्धरागाः । (સમાનાધિકરણ બહુવ્રીહિ)
- वेषम् धारयन्ति इति वेषधराः । (ઉપપદ તત્પુરુષ)



**मुग्धश्च लोकोऽपि हि यत्र मार्गे,**
**निवेशितस्तत्र रतिं करोति ।**
**धूर्तस्य वाक्यैः परिमोहितानां,**
**केषां न चित्तं भ्रमतीह लोके ॥२१॥**

**॥ उपजातिः ॥**

**શબ્દાર્થ :**

**मुग्धः** – મુગ્ધ, ભોળો, તત્ત્વજ્ઞાન રહિત (मुग्ध – मुह् ગણ ૪ ઉભયપદી + કર્તરિ ભૂતકૃદંતનો त (क्त) – लोक નું વિશેષણ પું. પ્ર. એ.વ.)

**च** – અને (અવ્યય)

**लोकः** – લોક (लोक પું. પ્ર. એ.વ.)

**अपि** – પણ (અવ્યય)

**हि** – ખરેખર (અવ્યય)

**यत्र** – જ્યાં, જે [માર્ગમાં] (यस्मिन् इति – यद् + त्र (તદ્ધિત) - અવ્યય)

**मार्गे** – માર્ગમાં (मार्ग – પું. સ. એ.વ. - मार्ग् ગણ ૧૦ ઉભયપદી + घञ्)

**निवेशितः** – પ્રવેશ કરેલ [લોક] (निवेशित – नि + विश् ગણ ૪ પરસ્મૈ. + કર્તરિ ભૂતકૃદંત त (क्त) – लोक નું વિશેષણ પું. પ્ર. એ.વ.)

**तत्र** – ત્યાં, તે (માર્ગમાં) (तस्मिन् इति तद् + त्र – (તદ્ધિત) - અવ્યય)

**रतिम्** – રતિ, રાગ (रति – रम् ગણ ૧ આત્મને. + ति (क्ति) સ્ત્રી. દ્વિ. એ.વ.)

**करोति** – કરે છે (कृ ગણ ૧ ઉભયપદી વ.કા. ત્રી.પુ. એ.વ.)

**धूर्त्तस्य** – ધૂર્ત, ઠગારા, ધૂતારાઓના (धूर्त – धुर्व् - ગણ ૧ પરસ્મૈ. + કર્તરિ ભૂતકૃદંત त (क्त) પૂર્વની ગાથાના અનુસંધાનથી दाम्भिक વેષધરનું વિશેષણ પું. ષ. એ.વ.)

**वाक्यैः** – વાક્યો વડે (वाक्य – वक्तुम् योग्यम् इति वच् + વિધ્યર્થ કૃદંતનો ધ્યણ્ નપું. તૃ. એ.વ.)

**परिमोहितानाम्** – અત્યંત મોહ પામેલાનું (परिमोहित – परि + मुह् ગણ ૪ ઉભયપદી + કર્તરિ ભૂતકૃદંત त (क्त) પું. ષ. બ.વ.)

**केषाम्** – કોનું [મોહ પામેલાનું] (किम् સર્વનામ - परिमोहित માટે વપરાયેલ પું. ષ. બ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**चित्तम्** – મન, ચિત્ત (चित्त નપું. પ્ર. એ.વ.)

**भ्रमति** – તે ભમે છે, (અહીં) તે ભ્રમમાં પડે છે (भ्रम् ગણ ૧ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**इह** – અહીં (અવ્યય)

**लोके** – લોકમાં (लोक પું. સ. એ.વ.)

**દંડાન્વય :**

हि मुग्धः लोकः अपि यत्र मार्गे निवेशितः तत्र रतिम् करोति। इह लोके धूर्त्तस्य वाक्यैः परिमोहितानाम् केषाम् चित्तम् न भ्रमति ?

**અર્થ :**

ખરેખર, મુગ્ધ લોકો પણ (દંભીઓના) જે માર્ગમાં પ્રવેશ કરેલ હોય (તેમણે) એ (માર્ગમાં) રતિ કરે છે (આદર કરે છે). આ લોકમાં ધૂર્ત (વેષધારી)ના વાક્યોથી મોહ પામેલા કોનું ચિત્ત ભ્રમમાં પડતું નથી ? (પડે છે.)

**ખંડાન્વય :**

करोति ।

काम् करोति ?



रतिम् ।

कुत्र रतिम् करोति ?

तत्र ।

कः अपि करोति ?

लोकः अपि ।

कथम्भूतः लोकः ?

मुग्धः ।

लोकः कीदृशः ?

लोकः निवेशितः ।

कस्मिन् निवेशितः ?

मार्गे ।

कुत्र मार्गे ?

यत्र ।

कथम् ?

हि ।

न भ्रमति ।

किम् न भ्रमति ?

चित्तम् ।

केषाम् चित्तम् ?

केषाम् चित्तम् ।

केषाम् केषाम् चित्तम् ?

परिमोहितानाम् ।

**ये निःस्पृहास्त्यक्त समस्तरागा-**
**स्तत्त्वैकनिष्ठा गलिताभिमानाः ।**
**सन्तोषपोषैकविलीनवाञ्छा-**
**स्ते रञ्जयन्ति स्वमनो न लोकम् ॥२२॥**

**॥ इन्द्रवज्रा ॥**

**શબ્દાર્થ :**

**ये** – જેઓ (यद् સર્વનામ પું. પ્ર. બ.વ.)

**निःस्पृहाः** – સ્પૃહા વિનાના (निःस्पृह પું. પ્ર. બ.વ.)

**त्यक्तसमस्तरागाः** – ત્યાગ કર્યો છે સમસ્ત રાગ જેમણે, સર્વ રાગનો ત્યાગ કરનારા (त्यक्तसमस्तराग પું. પ્ર. બ.વ.)

**तत्त्वैकनिष्ठा** – તત્ત્વમાં અદ્વિતીય નિષ્ઠાવાળા (तत्त्वैकनिष्ठ પું. પ્ર. બ.વ.)

**गलिताभिमानाः** – જેમનું અભિમાન ગળી ગયું છે તેવા, અહંકાર વિનાના (गलिताभिमान પું. પ્ર. બ.વ.)

**संतोषपोषैकविलीनवाञ्छा** – સંતોષના પોષણથી એકાંતે નાશ પામેલ છે ઈચ્છા જેઓની (संतोषपोषैकविलीनवाच्छ પું. પ્ર. બ.વ.)

**ते** – તેઓ (तद् સર્વનામ પું. પ્ર. બ.વ.)

**रञ्जयन्ति** – રાગ પમાડે છે, ખુશ કરે છે (रज् (रञ्ज्) ગણ ૪ ઉભયપદી + પ્રેરકનો णिग् વ.કા. ત્રી.પુ. બ.વ.)

**स्वमनः** – પોતાના મનને (स्वमनस् નપું. દ્વિ. એ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**लोकम्** – લોકને, માણસને (लोक પું. દ્વિ. એ.વ.)

**દંડાન્વય :**

ये निःस्पृहाः त्यक्तसमस्तरागाः तत्त्वैकनिष्ठाः गलिताभिमानाः संतोषपोषैकविलीनवाञ्छाः (सन्ति) । ते स्वमनः रञ्जयन्ति । लोकम् न (रञ्जयन्ति) ।



**અર્થ :**

જેઓ સ્પૃહા રહિત, સઘળા રાગનો ત્યાગ કરનાર, તત્ત્વમાં જ અદ્વિતીય નિષ્ઠાવાળા, અહંકારનો ત્યાગ કરનાર, સંતોષના પોષણથી એકાંતે ઈચ્છાનો નાશ કરનાર છે. તેઓ પોતાના મનને ખુશ કરે છે (પ્રસન્ન બનાવે છે). લોકોને ખુશ કરતા નથી.

**ખંડાન્વય :**

(અધ્યાહારથી) (सन्ति) ।
के सन्ति ?
ये ।
ये के सन्ति ?
निःस्पृहाः ।
ये पुनः के सन्ति ?
त्यक्तसमस्तरागाः ।
ये पुनः के सन्ति ?
तत्त्वैकनिष्ठाः ।
ये पुनः के सन्ति ?
गलिताभिमानाः ।
ये पुनः के सन्ति ?
संतोषपोषैकविलीनवाञ्छाः ।
रञ्जयन्ति ।
के रञ्जयन्ति ?
ते रञ्जयन्ति ।
किम् रञ्जयन्ति ?
स्वमनः ।

न (रञ्जयन्ति) (આગળના અનુસંધાનથી) ।

कम् न रञ्जयन्ति ?

लोकम् ।

**સમાસ :**

- स्पृह् ગણ ૧૦ ઉભયપદી + णि (૧૦મા ગણનો) + [૧]अङ् – = स्पृहा ।

  निर्गता स्पृहा येभ्यः ते इति निःस्पृहाः । (પ્રાદિ બહુવ્રીહિ)
- समस्ताः च अमी रागाः च इति समस्तरागाः । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)

  त्यज् ગણ ૧ પરસ્મૈ. + કર્મણિ ભૂતકૃદંત त (क्त) = त्यक्त ।

  रञ्ज् ગણ ૪ ઉભયપદી + धञ् = राग ।

  त्यक्ताः समस्तरागाः यैः ते इति त्यक्तसमस्तरागाः । (સમાનાધિકરણ બહુવ્રીહિ)
- एका च असौ निष्ठा च इति एकनिष्ठा । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)

  तस्य भावः इति तत्त्वम् । (તદ્ધિત तद् + त्व)

  तत्त्वे एकनिष्ठा येषाम् ते इति तत्त्वैकनिष्ठाः । (વ્યધિકરણ બહુવ્રીહિ)
- गल् ગણ ૧ પરસ્મૈ. + કર્તરિ ભૂતકૃદંત त (क्त) = गलित ।

  अभि + मन् ગણ ૧૦ આત્મને. + धञ् = अभिमान ।

  गलितम् अभिमानम् येषाम् ते इति गलिताभिमानाः । (સમાનાધિકરણ બહુવ્રીહિ)
- सन्तुष्यति इति सन्तोषः । (सम् + तुष् ગણ ૪ પરસ્મૈ. + धञ् (કૃદંત))

  पुष्यति इति पोषः । (पुष् ગણ ૪ પરસ્મૈ. + धञ् (કૃદંત))

  सन्तोषस्य पोषः इति सन्तोषपोषः । (ષષ્ઠી તત્પુરુષ)

---

[૧]સિ.હે.શ. ૫-૩-૧૦૯



- एका विलीना वाञ्छा येषाम् ते इति एकविलीनवाञ्छाः । (બહુપદ સમાનાધિકરણ બહુવ્રીહિ)

  सन्तोषपोषेण एकविलीनवाञ्छाः इति सन्तोषपोषैकविलीनवाञ्छाः । (તૃતીયા તત્પુરુષ)
- स्वस्य मनः इति स्वमनः । (ષષ્ઠી તત્પુરુષ)

  तद् इति स्वमनः ।

**तावद्विवादी जनरञ्जकश्च,**

**यावन्न चैवात्मरसे सुखज्ञः ।**

**चिन्तामणिं प्राप्य वरं हि लोके,**

**जने जने कः कथयन् प्रयाति ॥२३॥**

**॥ उपजातिः ॥**

**શબ્દાર્થ :**

**तावत्** – ત્યાં સુધી (અવ્યય)

**विवादी** – વિવાદને કરનાર (विवादिन् – विवादः अस्ति अस्य इति विवाद + इन् (મત્વર્થીય) પું. પ્ર. એ.વ.)

**जनरञ्जकः** – લોકોનું રંજન કરનાર (जनरञ्जक પું. પ્ર. એ.વ.)

**च** – અને (અવ્યય)

**यावत्** – જ્યાં સુધી (અવ્યય)

**न** – નહિ, નથી (અવ્યય)

**च** – અને (અવ્યય)

**एव** – જ (અવ્યય)

**आत्मरसे** – આત્માના રસમાં, આત્મ-રમણતામાં (आत्मरस પું. સ. એ.વ.)

**सुखज्ञः** – સુખને જાણનાર (सुखज्ञ પું. પ્ર. એ.વ.)

**चिंतामणिम्** – ચિંતામણિ રત્નને (चिन्तामणि નપું. દ્વિ. એ.વ.)

**प्राप्य** – પ્રાપ્ત કરીને (प्र + आप् + સંબંધક ભૂતકૃદંત त्वा (क्त्वा) નો य (यप्) આદેશ - અવ્યય)

**वरम्** – શ્રેષ્ઠ (ચિંતામણિ રત્ન) ને (वर – चिन्तामणि નું વિશેષણ નપું. દ્વિ. એ.વ.)

**हि** – ખરેખર (અવ્યય)

**लोके** – લોકમાં (लोक પું. સ. એ.વ.)

**जने जने** – દરેક માણસને વિશે (जन પું. સ. એ.વ.)

**कः** – કોણ (किम् સર્વનામ પું. પ્ર. એ.વ.)

**कथयन्** – કહેતો (कथयत् – कथ् ગણ ૧૦ પરસ્મૈ. + વર્તમાન કૃદંતનો अत् (शतृ) પું. પ્ર. એ.વ.)

**प्रयाति** – તે જાય છે (प्र + या ગણ ૨ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**દંડાન્વય :**

च (मुनिः) तावत् विवादी जनरञ्जकः च (भवति) यावत् आत्मरसे एव सुखज्ञः न । हि वरम् चिन्तामणिम् प्राप्य लोके जने जने कथयन् कः प्रयाति ?

**અર્થ :**

અને મુનિ ત્યાં સુધી જ વિવાદી અને જનરંજક છે જ્યાં સુધી આત્મરમણતામાં જ સુખજ્ઞ થયો નથી. ખરેખર, શ્રેષ્ઠ એવા ચિંતામણિ રત્નને પ્રાપ્ત કરીને લોકમાં દરેક જણને કહેતો કોણ ફરે ? (કોઈ નહિ)

**ખંડાન્વય :**

(અધ્યાહારથી) (भवति) ।
कः च भवति ?
जनरञ्जकः च ।



पुनः कः भवति ?
विवादी ।
कथम् ?
च तावत् ।
(અધ્યાહારથી) न (अस्ति) ।
कः न अस्ति ?
सुखज्ञः ।
कस्मिन् सुखज्ञः ?
आत्मरसे एव ।
कथम् ?
यावत् ।
प्रयाति ।
कः प्रयाति ?
कः प्रयाति ।
किम् कुर्वन् कः ?
कथयन् ।
कस्मिन् कथयन् ?
जने जने ।
कस्मिन् जने जने कथयन् ?
लोके ।
किम् कृत्वा प्रयाति ?
प्राप्य ।

किम् प्राप्य ?

चिन्तामणिम् ।

कथम्भूतम् चिन्तामणिम् ?

वरम् ।

कथम् ?

हि ।

**સમાસ :**

- रञ्जयति इति रञ्जकः । (रञ्ज् – ગણ ૪ ઉભયપદી + णि પ્રેરકનો + णकट्[1])
  जनानाम् रञ्जकः इति जनरञ्जकः । (ષષ્ઠી તત્પુરુષ)
- आत्मनः रसः इति आत्मरसः । (ષષ્ઠી તત્પુરુષ)
  तस्मिन् इति आत्मरसे ।
- सुखम् जानाति इति सुखज्ञः । (ઉપપદ તત્પુરુષ)
- चिन्तायाम् अर्थदः इति चिन्तार्थदः । (સપ્તમી તત્પુરુષ)
  चिन्तार्थदः च असौ मणिः च इति चिन्तामणिः । (મધ્યમપદલોપી સમાસ)

  (અથવા)

  चिन्तां पूरयति इति चिन्तापूरकः । (ઉપપદ તત્પુરુષ)
  चिन्तापूरकः च असौ मणिः च इति चिन्तामणिः । (મધ્યમપદલોપી સમાસ)

**षण्णां विरोधोऽपि च दर्शनानां,**
**तथैव तेषां शतशश्च भेदाः ।**
**नानापथे सर्वजनः प्रवृत्तः,**
**को लोकमाराधयितुं समर्थः ॥२४॥**

**॥ उपजातिः ॥**

[1]સિ.હે.શ. ૫-૧-૬૫



**શબ્દાર્થ :**

**षण्णाम्** – છ [દર્શનો] નો (षष् – दर्शन નું વિશેષણ - અલિંગ ષ. બ.વ.)

**विरोधः** – વિરોધ (विरोध – वि + रुध् ગણ ૭ ઉભયપદી + घञ् પું. પ્ર. એ.વ.)

**अपि** – પણ (અવ્યય)

**च** – અને (અવ્યય)

**दर्शनानाम्** – દર્શનોનો (दर्शन – दृश् ગણ ૧ પરસ્મૈ. + अन(अनट्) નપું. ષ. બ.વ.)

**तथा** – તે પ્રમાણે (અવ્યય)

**एव** – જ (અવ્યય)

**तेषाम्** – તેમના (तद् સર્વનામ - दर्शन માટે વપરાયેલ નપું. ષ. બ.વ.)

**शतशः** – સો વાર, સેંકડો (शतं वाराः अस्य इति शत + शस् (तद्धितनो) - અવ્યય)

**च** – અને (અવ્યય)

**भेदाः** – ભેદો (भेद – भिद् ગણ ૭ ઉભયપદી + घञ् પું. પ્ર. બ.વ.)

**नानापथे** – જુદા જુદા (ધર્મ) માર્ગમાં, વિવિધ (ધર્મ) માર્ગમાં (नानापथ પું. સ. એ.વ.)

**सर्वजनः** – બધા લોકો (सर्वजन પું. પ્ર. એ.વ.)

**प्रवृत्तः** – પ્રવૃત્ત, પ્રવૃત્તિવાળો (प्रवृत्त – प्र + वृत् ગણ ૧ આત્મને. + કર્તરિ ભૂતકૃદંતનો त (क्त) પું. પ્ર. એ.વ.)

**कः** – કોણ (किम् સર્વનામ - પું. પ્ર. એ.વ.)

**लोकम्** – લોકને (लोक પું. દ્વિ. એ.વ.)

**आराधयितुम्** – આરાધના કરવા માટે (आ + राध् – ગણ ૧૦ ઉભયપદી + ૧૦મા ગણનો णिच् + હેત્વર્થ કૃદંતનો तुम् અવ્યય)

**समर्थः** – સમર્થ, સક્ષમ (समर्थ – પું. પ્ર. એ.વ.)

**દંડાન્વય :**

अपि च षण्णाम् दर्शनानाम् विरोधः (अस्ति) । च तेषाम् शतशः भेदाः तथा एव (सन्ति) । सर्वजनः नानापथे प्रवृत्तः । कः लोकम् आराधयितुम् समर्थः (स्यात्) ?

**અર્થ :**

અને વળી, છ દર્શનોનો (પરસ્પર) વિરોધ છે અને તેમના સેંકડો ભેદો તે પ્રમાણે જ છે. (વિરોધવાળા જ છે) બધા લોકો અલગ અલગ (ધર્મ) માર્ગમાં પ્રવૃત્ત છે. (આથી) કોણ લોકને આરાધવા - ખુશ કરવા માટે સમર્થ થાય ? (કોઈ ન થાય.)

**ખંડાન્વય :**

(અધ્યાહારથી) (अस्ति) ।
कः अस्ति ?
विरोधः ।
केषाम् विरोधः ?
दर्शनानाम् ।
कतिपयानाम् दर्शनानाम् ?
षण्णाम् ।
कथम् ?
अपि च ।
(અધ્યાહારથી) (सन्ति) ।
कथम् सन्ति ?



तथा एव ।
के सन्ति ?
भेदाः ।
कथम् भेदाः ?
शतशः ।
केषाम् भेदाः ?
तेषाम् ।
कथम् ?
च ।
प्रवृत्तः ।
कस्मिन् प्रवृत्तः ?
नानापथे ।
कः प्रवृत्तः ?
सर्वजनः ।
(અધ્યાહારથી) (स्यात्) ।
कः स्यात् ?
कः स्यात् ।
कः कः स्यात् ?
कः समर्थः स्यात् ।
कः किम् कर्तुम् समर्थः स्यात् ?
कः आराधयितुम् समर्थः स्यात् ?
कम् आराधयितुम् समर्थः स्यात् ।
लोकम् ।

**સમાસ :**

- नाना च असौ पन्थाः च इति नानापथः । (વિશેષણ પૂર્વપદ કર્મધારય) (अ સમાસાંત)

  तस्मिन् इति नानापथे ।

- सर्वः च असौ जनः च इति सर्वजनः । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)

**तदेव राज्यं हि धनं तदेव,**
**तपस्तदेवेह कला च सैव ।**
**स्वस्थे भवेच्छीतलताशये चेत्,**
**नो चेद् वृथा सर्वमिदं हि मन्ये ॥२५॥**

**॥ उपजातिः ॥**

**શબ્દાર્થ :**

**तद्** – તે (तद् સર્વનામ - राज्य માટે વપરાયેલ - નપું. પ્ર. એ.વ.)

**एव** – જ (અવ્યય)

**राज्यम्** – રાજ્ય (राज्य - राजितुम् योग्यम् इति राज् ગણ ૧ આત્મને. + વિધ્યર્થ કૃદંતનો य – નપું. પ્ર. એ.વ.)

**हि** – ખરેખર (અવ્યય)

**धनम्** – ધન, પૈસો, દોલત (धन નપું. પ્ર. એ.વ.)

**तद्** – તે (तद् સર્વનામ - धन માટે વપરાયેલ - નપું. પ્ર. એ.વ.)

**एव** – જ (અવ્યય)

**तपः** – તપ (तपस् નપું. પ્ર. એ.વ.)

**तद्** – તે (तद् સર્વનામ - तपस् માટે વપરાયેલ - નપું. પ્ર. એ.વ.)

**एव** – જ (અવ્યય)

**इह** – અહીં (અવ્યય)



**कला** – કલા (कला સ્ત્રી. પ્ર. એ.વ.)

**च** – અને (અવ્યય)

**सा** – તે [કલા] (तद् સર્વનામ - कला માટે વપરાયેલ - સ્ત્રી. પ્ર. એ.વ.)

**एव** – જ (અવ્યય)

**स्वस्थे** – સ્વસ્થ, સમતાયુક્ત [ચિત્ત] (स्वस्थ – आशय નું વિશેષણ - નપું. સ. એ.વ.)

**भवेत्** – હોય (भू ગણ ૧ પરસ્મૈ. વિધ્યર્થ ત્રી.પુ. એ.વ.)

**शीतलता** – શીતલતા, કષાયરહિતતા, શાંતિ (शीतलता – शीतलस्य भावः इति शीतल + ता (તદ્ધિતનો) સ્ત્રી. પ્ર. એ.વ.)

**आशये** – આશય, ચિત્ત, મન (आशय નપું. સ. એ.વ.)

**चेत्** – જો (અવ્યય)

**नो** – નથી, નહિ (અવ્યય)

**चेत्** – જો (અવ્યય)

**वृथा** – ફોગટ (અવ્યય)

**सर्वम्** – સર્વ [આ રાજ્ય, ધન, તપ, કલા વગેરે] (सर्व સર્વનામ - राज्य, धन, तपस्, कला વગેરે માટે વપરાયેલ - નપું. પ્ર. એ.વ.)

**इदम्** – આ [સર્વ] (इदम् સર્વનામ - सर्व માટે વપરાયેલ - નપું. પ્ર. એ.વ.)

**हि** – ખરેખર (અવ્યય)

**मन्ये** – હું માનું છું. (मन् ગણ ૪ આત્મને. વ.કા. પ્ર.પુ. એ.વ.)

**દંડાન્વય :**

इह तद् एव राज्यम्, तद् एव धनम्, तद् एव तपः च कला सा एव अस्ति चेत् स्वस्थे आशये शीतलता भवेत् (स्वस्थे आशये शीतलता) चेत् नो हि इदम् सर्वम् वृथा (अस्ति) (इति) मन्ये ।

**અર્થ :**

અહીં (આ લોકમાં) તે જ રાજ્ય (રાજ્ય) છે, તે જ ધન (ધન) છે, તે જ તપ છે અને કલા (પણ) તે જ છે, જો સ્વસ્થ (સમતાયુક્ત) ચિત્તમાં શીતલતા (પ્રાપ્ત) થાય. (સ્વસ્થ ચિત્તમાં શીતલતા) જો ન હોય તો ખરેખર આ સર્વ (રાજ્ય, ધન, તપ, કલા) ફોગટ છે. (એ પ્રમાણે) હું માનું છું.

**ખંડાન્વય :**

(અધ્યાહારથી) (अस्ति) ।
किम् अस्ति ?
तद् ।
तद् एव किम् अस्ति ?
राज्यम् ।
कुत्र ?
इह ।
(અધ્યાહારથી) (अस्ति) ।
किम् अस्ति ?
तद् ।
तद् एव किम् अस्ति ?
तद् एव धनम् ।
(અધ્યાહારથી) (अस्ति) ।
किम् अस्ति ?
तद् ।
तद् एव किम् अस्ति ?
तपः ।
अस्ति ।



का अस्ति ?
सा अस्ति ।
का सा एव अस्ति ?
कला ।
कथम् ?
च ।
भवेत् ।
का भवेत् ?
शीतलता भवेत् ।
कस्मिन् शीतलता भवेत् ?
आशये ।
कथम्भूते आशये ?
स्वस्थे ।
कथम् ?
चेत् ।
(અધ્યાહારથી) (अस्ति) ।
कथम् अस्ति ?
वृथा ।
किम् अस्ति ?
इदम् ।
इदम् किम् अस्ति ?
सर्वम् ।
कथम् ?
हि ।

कथम् ?
चेत् नो ।
मन्ये ।
किम् मन्ये ?
(અધ્યાહારથી) (इति) ।

**रुष्टैर्जनैः किं यदि चित्तशान्ति-**
**स्तुष्टैर्जनैः किं यदि चित्ततापः ।**
**प्रीणाति नो नैव दुनोति चान्यान्,**
**स्वस्थः सदौदासपरो हि योगी ॥२६॥**

**॥ इन्द्रवज्रा ॥**

**શબ્દાર્થ :**

**रुष्टैः** – ક્રોધ પામેલા [લોકો] વડે (रुष्ट – रुष् ગણ ૧૦ ઉભયપદી + કર્તરિ ભૂતકૃદંત त (क्त) – जन નું વિશેષણ - પું. તૃ. બ.વ.)

**जनैः** – લોકો વડે (जन પું. તૃ. બ.વ. - किम् ના યોગમાં તૃતીયા)

**किम्** – સર્યું (અવ્યય)

**यदि** – જો (અવ્યય)

**चित्तशान्तिः** – ચિત્તની શાંતિ (चित्तशान्ति સ્ત્રી. પ્ર. એ.વ.)

**तुष्टैः** – તુષ્ટ થયેલા, પ્રસન્ન થયેલા [લોકો] વડે (तुष्ट – तुष् ગણ ૪ પરસ્મૈ. + કર્તરિ ભૂતકૃદંત त (क्त) – जन નું વિશેષણ - પું. તૃ. બ.વ.)

**जनैः** – લોકો વડે (जन – પું. તૃ. બ.વ. - किम् ના યોગમાં તૃતીયા)

**किम्** – સર્યું (અવ્યય)

**यदि** – જો (અવ્યય)

**चित्ततापः** – ચિત્તનો સંતાપ (चित्तताप પું. પ્ર. એ.વ.)



**प्रीणाति** – ખુશ કરે છે (प्री ગણ ૯ ઉભયપદી વ.કા. ત્રી.પુ. એ.વ.)

**नो** – નથી (અવ્યય)

**न** – નહિ, નથી (અવ્યય)

**एव** – જ (અવ્યય)

**दुनोति** – પીડા આપે છે (दु ગણ ૫ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**च** – અને (અવ્યય)

**अन्यान्** – અન્યને (अन्यद् સર્વનામ પું. દ્વિ. બ.વ.)

**स्वस्थः** – સ્વસ્થ, પોતાના આત્મામાં જ રહેલ, શાંત ચિત્તવાળા [યોગી] (स्वस्थ – योगिन् નું વિશેષણ - પું. પ્ર. એ.વ.)

**सदा** – હંમેશા (અવ્યય)

**औदासपरः** – ઉદાસીનભાવમાં રહેલ, ઔદાસીન્ય ભાવમાં તત્પર (औदासपर – योगिन् નું વિશેષણ - પું. પ્ર. એ.વ.)

**हि** – ખરેખર (અવ્યય)

**योगी** – યોગી (योगिन् - योगाः सन्ति अस्य इति योग + મત્વર્થીય इन् (तद्धित) પું. પ્ર. એ.વ.)

**દંડાન્વય :**

यदि चित्तशान्तिः, रुष्टैः जनैः किम् । यदि चित्ततापः, तुष्टैः जनैः किम् । हि सदा स्वस्थः औदासपरः योगी अन्यान् प्रीणाति नो । च अन्यान् दुनोति न एव ।

**અર્થ :**

જો ચિત્તમાં શાંતિ છે (તો) ક્રોધી લોકો વડે સર્યું. જો ચિત્તમાં સંતાપ છે (તો તારાથી) પ્રસન્ન લોકો વડે સર્યું. ખરેખર, સદા સ્વમાં જ રહેલા ઔદાસીન ભાવમાં રત યોગી અન્ય લોકોને ખુશ કરતો નથી અને અન્યોને પીડા (પણ) કરતો નથી.

**ખંડાન્વય :**

(અધ્યાહારથી) (अस्ति) ।

का अस्ति ?

चित्तशान्तिः ।

कथम् ?

यदि ।

किम् ।

कैः किम् ?

जनैः ।

कथम्भूतैः जनैः ?

रुष्टैः ।

(અધ્યાહારથી) (अस्ति) ।

किम् अस्ति ?

चित्ततापः ।

कथम् ?

यदि ।

किम् ।

कैः किम् ?

जनैः ।

कथम्भूतैः जनैः ?

तुष्टैः ।

नो प्रीणाति ।

कान् नो प्रीणाति ?



अन्यान् ।

कः नो प्रीणाति ?

योगी ।

कथम्भूतः योगी ?

औदासपरः ।

पुनः कथम्भूतः योगी ?

स्वस्थः ।

कदा ?

सदा ।

कथम् ?

हि ।

न एव दुनोति ।

कान् न एव दुनोति ?

अन्यान् ।

कथम् ?

च ।

**સમાસ :**

- शम् (शाम्) ગણ ૪ પરસ્મૈ. + ति (क्ति) = शान्ति ।
  चित्ते शान्तिः इति चित्तशान्तिः । (સપ્તમી તત્પુરુષ)
- तप् ગણ ૧ આત્મને. + धञ् = ताप ।
  चित्ते तापः इति चित्ततापः । (સપ્તમી તત્પુરુષ)
- उदासस्य भावः इति औदासः । (તદ્ધિત)
  औदासे परः इति औदासपरः । (સપ્તમી તત્પુરુષ)

एकः पापात् पतति नरके याति पुण्यात्स्वरेकः,
पुण्यापुण्यप्रचयविगमान्मोक्षमेकः प्रयाति ।
सङ्गान्नूनं न भवति सुखं न द्वितीयेन कार्यम् ,
तस्मादेको विचरति सदानन्दसौख्येन पूर्णः ॥२७॥
॥ मन्दाक्रान्ता ॥

**શબ્દાર્થ :**

**एकः** – એકલો (જીવ) (एक સર્વનામ - જીવ માટે વપરાયેલ - પું. પ્ર. એ.વ.)

**पापात्** – પાપથી, પાપના કારણે (पाप નપું. પં. એ.વ.)

**पतति** – તે પડે છે (पत् ગણ ૧ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**नरके** – નરકમાં (नरक પું. સ. એ.વ.)

**याति** – જાય છે (या ગણ ૨ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**पुण्यात्** – પુણ્યથી, પુણ્યના કારણે (पुण्य નપું. પં. એ.વ.)

**स्वर्** – સ્વર્ગ (અવ્યય)

**एकः** – એકલો (જીવ) (एक સર્વનામ - જીવ માટે વપરાયેલ - પું. પ્ર. એ.વ.)

**पुण्यापुण्यप्रचयविगमात्** – પુણ્ય, પાપના સમૂહના નાશથી (पुण्यापुण्यप्रचयविगम – પું. પં. એ.વ.)

**मोक्षम्** – મોક્ષે, મોક્ષ તરફ (मोक्ष – मोक्ष् ગણ ૧ પરસ્મૈ. + घञ् પું. દ્વિ. એ.વ.)

**एकः** – એકલો (જીવ) (एक સર્વનામ - જીવ માટે વપરાયેલ - પું. પ્ર. એ.વ.)

**प्रयाति** – તે જાય છે (प्र + या ગણ ૨ પરસ્મૈ. - વ.કા. ત્રી.પુ. એ.વ.)



**सङ्गात्** – સંગથી, સંયોગથી (सङ्ग પું. પં. એ.વ.)

**नूनम्** – ખરેખર (અવ્યય)

**न** – નહિ, નથી (અવ્યય)

**भवति** – થાય છે (भू ગણ ૧ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**सुखम्** – સુખ (सुख નપું. પ્ર. એ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**द्वितीयेन** – બીજા વડે (द्वितीय – द्वयोः पूरणः इति द्वि + तीय (तद्धित) પું. તૃ. એ.વ.)

**कार्यम्** – કાર્ય, કામ (कार्य – कर्तुम् योग्यः इति कृ ગણ ૧ ઉભયપદી + વિધ્યર્થ કૃદંત ध्यण् નપું. પ્ર. એ.વ.)

**तस्मात्** – તે કારણથી, તેથી (અવ્યય)

**एकः** – એકલો (જીવ) (एक સર્વનામ - જીવ માટે વપરાયેલ - પું. પ્ર. એ.વ.)

**विचरति** – તે વિચરે છે (वि + चर् ગણ ૧ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**सदा** – હંમેશા (અવ્યય)

**आनन्दसौख्येन** – આનંદ અને સુખથી (आनन्दसौख्य પું. તૃ. એ.વ.)

**पूर्णः** – પૂર્ણ (पूर्ण – જીવનું વિશેષણ - पॄ ગણ ૩ પરસ્મૈ. + કર્મણિ ભૂતકૃદંત त (क्त) પું. પ્ર. એ.વ.)

**દંડાન્વય :**

एकः पापात् नरके पतति । एकः पुण्यात् स्वः याति । एकः पुण्यापुण्यप्रचयविगमात् मोक्षम् प्रयाति । नूनम् सङ्गात् सुखम् न भवति । द्वितीयेन कार्यम् न (अस्ति) । तस्मात् सदा आनन्दसौख्येन पूर्णः एकः विचरति ।

**અર્થ :**

(જીવ) એકલો (જ) પાપના કારણે નરકે જાય છે. એકલો (જ) પુણ્યના કારણે સ્વર્ગે જાય છે. એકલો (જ) પુણ્ય અને પાપના સમૂહના નાશથી મોક્ષે જાય છે. ખરેખર, સંગથી સુખ નથી થતું. બીજા વડે કાર્ય નથી. તે કારણથી હંમેશા આનંદના સુખથી પૂર્ણ (જીવ - યોગી) એકલો (જ) વિચરે છે.

**ખંડાન્વય :**

पतति ।

कस्मिन् पतति ?

नरके ।

कस्मात् पतति ?

पापात् ।

कः पतति ?

एकः ।

याति ।

कथम् ?

स्वः ।

कस्मात् याति ?

पुण्यात् ।

कः याति ?

एकः ।

प्रयाति ।

कम् प्रयाति ?

मोक्षम् ।



कस्मात् प्रयाति ?

पुण्यापुण्यप्रचयविगमात् ।

कः प्रयाति ?

एकः ।

न भवति ।

किम् न भवति ?

सुखम् ।

कस्मात् न भवति ?

सङ्गात् ।

कथम् ?

नूनम् ।

न (अस्ति) ।

किम् न अस्ति ?

कार्यम् ।

केन कार्यम् न अस्ति ?

द्वितीयेन ।

विचरति ।

कः विचरति ?

एकः ।

कः एकः विचरति ?

पूर्णः ।

केन पूर्णः ?

आनन्दसौख्येन ।

कदा ?

सदा ।

कस्मात् ?

तस्मात् ।

**સમાસ :**

- न पुण्यम् इति अपुण्यम् । (નઞ્ તત્પુરુષ)

  पुण्यम् च अपुण्यम् च इति पुण्यापुण्ये । (ઈતરેતર દ્વન્દ્વ)

  पुण्यापुण्ययोः प्रचयः इति पुण्यापुण्यप्रचयः । (ષષ્ઠી તત્પુરુષ)

  पुण्यापुण्यप्रचयस्य विगमः इति पुण्यापुण्यप्रचयविगमः । (ષષ્ઠી તત્પુરુષ)

  तस्मात् इति पुण्यापुण्यप्रचयविगमात् ।
- सुखम् एव इति सौख्यम् ।

  (सुख + ट्यण्[1] (તદ્ધિત))

  आनन्दस्य सौख्यम् इति आनन्दसौख्यम् । (ષષ્ઠી તત્પુરુષ)

  तेन इति आनन्दसौख्येन ।

**त्रैलोक्यमेतद् बहुभिर्जितं यै-**
**र्मनोजये तेऽपि यतो न शक्ताः ।**
**मनोजयस्यात्र पुरो हि तस्मात्,**
**तृणं त्रिलोकीविजयं वदन्ति ॥२८॥**

**॥ उपजातिः ॥**

**શબ્દાર્થ :**

**त्रैलोक्यम्** – ત્રણ લોક (त्रैलोक्य નપું. પ્ર. એ.વ.)

**एतद्** – આ [ત્રણ લોક] (इदम् સર્વનામ - त्रैलोक्य માટે વપરાયેલ - નપું. પ્ર. એ.વ.)

[1]સિ.હે.શ. ૭-૨-૧૬૪



**बहुभिः** – ઘણા વડે (बहु - અધ્યાહાર जन નું વિશેષણ - પું. તૃ. બ.વ.)

**जितम्** – જિતાયેલ [ત્રણ લોક] (जित – जि ગણ ૧ પરસ્મૈ. + કર્મણિ ભૂતકૃદંત त (क्त) – त्रैलोक्य નું વિશેષણ - નપું. પ્ર. એ.વ.)

**यैः** – જે (ઘણા લોકો) વડે (यद् સર્વનામ - અધ્યાહાર जन માટે વપરાયેલ - પું. તૃ. બ.વ.)

**मनोजये** – મનને જિતવામાં (मनोजय પું. સ. એ.વ.)

**ते** – તેઓ (तद् સર્વનામ પું. પ્ર. બ.વ.) (यद् ના યોગમાં)

**अपि** – પણ (અવ્યય)

**यतः** – જે કારણથી (यस्मात् इति यद् + तस् (તદ્ધિતનો) - અવ્યય)

**न** – નહિ, નથી (અવ્યય)

**शक्ताः** – સમર્થ (તેઓ) (शक्त – शक् ગણ ૫ પરસ્મૈ. + કર્તરિ ભૂતકૃદંતનો त (क्त) तद् નું વિશેષણ પું. પ્ર. બ.વ.)

**मनोजयस्य** – મનના વિજયની (मनोजय પું. ષ. એ.વ.)

**अत्र** – અહીં (અવ્યય)

**पुरः** – આગળ (અવ્યય)

**हि** – ખરેખર (અવ્યય)

**तस्मात्** – તે કારણથી (અવ્યય)

**तृणम्** – તણખલું, તણખલા જેવું (तृण – નપું. દ્વિ. એ.વ. - त्रिलोकीविजय ના વિશેષણ રૂપે વપરાયેલ)

**त्रिलोकीविजयम्** – ત્રણ લોકના વિજયને (त्रिलोकीविजय પું. દ્વિ. એ.વ.)

**वदन्ति** – તેઓ કહે છે (वद् ગણ ૧ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. બ.વ.)

**દંડાન્વય :**

यतः यैः बहुभिः एतद् त्रैलोक्यम् जितम्, ते अपि मनोजये शक्ताः न । हि तस्मात् अत्र मनोजयस्य पुरः त्रिलोकीविजयम् तृणम् वदन्ति ।

**અર્થ :**

જે કારણથી જે ઘણા લોકો વડે આ ત્રણ લોક જિતાયેલા છે તેઓ પણ મનનો વિજય કરવામાં સમર્થ નથી, ખરેખર તે કારણથી અહીં મનના વિજયની આગળ ત્રણ લોકના વિજયને (પરમાત્મા) તણખલું (તણખલા સમાન) કહે છે.

**ખંડાન્વય :**

जितम् ।
किम् जितम् ?
एतद् ।
एतद् किम् जितम् ?
त्रैलोक्यम् ।
कैः जितम् ?
यैः ।
यैः कैः ?
बहुभिः ।
कुतः ?
यतः ।
(અધ્યાહારથી) न सन्ति ।
के अपि न सन्ति ?
ते अपि ।
ते अपि कथम्भूताः न सन्ति ?
शक्ताः ।
कस्मिन् शक्ताः ?
मनोजये ।



वदन्ति ।
किम् वदन्ति ?
तृणम् ।
किम् तृणम् वदन्ति ?
त्रिलोकीविजयम् ।
कथम् ?
पुरः ।
कस्य पुरः ?
मनोजयस्य ।
कुत्र ?
अत्र ।
कस्मात् ?
तस्मात् ।
कथम् ?
हि ।

**સમાસ :**

- त्रयाणाम् लोकानाम् समूहः इति त्रिलोकी । (સમાહાર દ્વિગુ કર્મધારય)
  त्रिलोकी एव इति त्रैलोक्यम् । (त्रिलोकी + टयण्[૧] (તદ્ધિતનો))
- जयनम् इति जयः । (जि ગણ ૧ પરસ્મૈ. + अल्)
  मनसः जयः इति मनोजयः । (ષષ્ઠી તત્પુરુષ)
  तस्मिन् इति मनोजये ।
  तस्य इति मनोजयस्य ।

(૧) સિ.હે.શ. ૭-૨-૧૬૪

- त्रयाणाम् लोकानाम् समूहः इति त्रिलोकी । (સમાહાર દ્વિગુ કર્મધારય)

  विजयनम् इति विजयः । (वि + जि ગણ ૧ પરસ્મૈ. + अल्)

  त्रिलोक्याः विजयः इति त्रिलोकीविजयः । (ષષ્ઠી તત્પુરુષ)

  तम् इति त्रिलोकीविजयम् ।

**मनोलयान्नास्ति परो हि योगो,**
**ज्ञानं तु [१]तत्त्वार्थविचारणाच्च ।**
**समाधिसौख्यान्न परं च सौख्यं,**
**संसारसारं त्रयमेतदेव ॥२९॥**

**॥ उपजातिः ॥**

**શબ્દાર્થ :**

**मनोलयात्** – મનમાં લયથી (मनोलय પું. પં. એ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**अस्ति** – છે (अस् ગણ ૨ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**परः** – શ્રેષ્ઠ [યોગ] (पर – योग નું વિશેષણ - પું. પ્ર. એ.વ.)

**हि** – ખરેખર (અવ્યય)

**योगः** – યોગ (योग – युज् ગણ ૭ ઉભયપદી, ગણ ૧૦ युजादि + घञ् – પું. પ્ર. એ.વ.)

**ज्ञानम्** – જ્ઞાન (ज्ञान – ज्ञा (जा) ગણ ૯ પરસ્મૈ. + अन (अनट्) – નપું. પ્ર. એ.વ.)

**तु** – ખરેખર (અવ્યય)

**तत्त्वार्थविचारणात्** – તત્ત્વભૂત પદાર્થોની વિચારણાથી (तत्त्वार्थविचारण નપું. પં. એ.વ.)

---

[૧]तत्त्वार्थविचारणायाः – પાઠાંતર



**च** – અને (અવ્યય)

**समाधिसौख्यात्** – સમાધિના સુખથી (समाधिसौख्य નપું. પં. એ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**परम्** – શ્રેષ્ઠ [સુખ] (पर – सौख्य નું વિશેષણ - નપું. પ્ર. એ.વ.)

**च** – અને (અવ્યય)

**सौख्यम्** – સુખ (सौख्य – सुखम् एव इति सुख + ट्यण्[૧] (तद्धितનો) નપું. પ્ર. એ.વ.)

**संसारसारम्** – સંસારમાં શ્રેષ્ઠ[૨] - ઉત્તમ (संसारसार – एतद् – त्रि નું વિશેષણ - નપું. પ્ર. એ.વ.)

**त्रयम्** – ત્રણ (આ મનોલય આદિ) (त्रि – संसारसार નું વિશેષણ - નપું. પ્ર. એ.વ.)

**एतद्** – આ (ત્રણ) (एतद् સર્વનામ - મનોલય આદિ ત્રણ માટે વપરાયેલ - નપું. પ્ર. એ.વ.)

**एव** – જ (અવ્યય)

**દંડાન્વય :**

हि मनोलयात् परः योगः न अस्ति । च तु तत्त्वार्थविचारणात् (परम्) ज्ञानम् (न अस्ति) । समाधिसौख्यात् परम् सौख्यम् न (अस्ति) । एतद् त्रयम् एव संसारसारम् ।

**અર્થ :**

ખરેખર, મનોલયથી શ્રેષ્ઠ (અન્ય કોઈ) યોગ નથી અને વળી, તત્ત્વભૂત પદાર્થોની વિચારણાથી શ્રેષ્ઠ (અન્ય કોઈ) જ્ઞાન નથી. સમાધિના સુખથી શ્રેષ્ઠ (અન્ય કોઈ) સુખ નથી. આ ત્રણ જ સંસારમાં શ્રેષ્ઠ છે.

---

[૧]સિ.હે.શ. ૭-૨-૧૬૪

[૨]सार શબ્દ સારભૂત અર્થમાં પું. અને શ્રેષ્ઠ અર્થમાં વિશેષણ છે.

**ખંડાન્વય :**

न अस्ति ।

कः न अस्ति ?

योगः ।

कथम्भूतः योगः ?

परः ।

कस्मात् परः ?

मनोलयात् ।

कथम् ?

हि ।

(આગળના અનુસંધાનથી) (न अस्ति ।)

किम् न अस्ति ?

ज्ञानम् ।

कथम्भूतम् ज्ञानम् ?

(પાછળના અનુસંધાનથી) (परम्)

कस्मात् परम् ?

तत्त्वार्थविचारणात् ।

कथम् ?

च तु ।

(આગળના અનુસંધાનથી) न (अस्ति) ।

किम् न अस्ति ?

सौख्यम् ।

कथम्भूतम् सौख्यम् ?

परम् ।



कस्मात् परम् ?

समाधिसौख्यात् ।

(અધ્યાહારથી) (अस्ति) ।

किम् अस्ति ?

संसारसारम् ।

किम् संसारसारम् ?

एतद् ।

एतद् किम् एव संसारसारम् ?

एतद् त्रयम् एव संसारसारम् ।

**સમાસ :**

- ली ગણ ૪ આત્મને. + अल् = लय ।
  मनसः लयः इति मनोलयः । (ષષ્ઠી તત્પુરુષ)
- तस्य भावः इति तत्त्वम् । (તદ્ધિત तद् + त्व)
  अर्थ् ગણ ૧ આત્મને. + अल् = अर्थ ।
  तत्त्वानि एव अर्थाः इति तत्त्वार्थाः । (અવધારણ)
  वि + चर् ગણ ૧ પરસ્મૈ. + પ્રેરકનો णिग् + अनट् = विचारण ।
  तत्त्वार्थाणाम् विचारणम् इति तत्त्वार्थविचारणम् । (ષષ્ઠી તત્પુરુષ)
  तस्मात् इति तत्त्वार्थविचारणात् ।
- सुखम् एव इति सौख्यम् ।
  (सुख + [૧]ट्यण् (તદ્ધિતનો))
  समाधेः सौख्यम् इति समाधिसौख्यम् । (ષષ્ઠી તત્પુરુષ)
  तस्मात् इति समाधिसौख्यात् ।
- संसारे सारम् इति संसारसारम् । (સપ્તમી તત્પુરુષ)

[૧] સિ.હે.શ. ૭-૨-૧૬૪

**याः सिद्धयोऽष्टावपि दुर्लभा ये,**

**रसायनं चाञ्जन-धातुवादाः ।**

**ध्यानानि मन्त्राश्च समाधियोगा-**

**श्चित्ते प्रसन्ने विषवद्भवन्ति ॥३०॥**

**॥ इन्द्रवज्रा ॥**

**શબ્દાર્થ :**

**याः** – જે [સિદ્ધિઓ] (यद् સર્વનામ – सिद्धि માટે વપરાયેલ - સ્ત્રી. પ્ર. બ.વ.)

**सिद्धयः** – સિદ્ધિઓ (सिद्धि – सिध् ગણ ૧ પરસ્મૈ. + ति (क्ति) સ્ત્રી. પ્ર. બ.વ.)

**अष्टौ** – આઠ [સિદ્ધિઓ] (अष्टन् – सिद्धि નું વિશેષણ - અલિંગ પ્ર. બ.વ.)

**अपि** – પણ (અવ્યય)

**दुर्लभाः** – દુર્લભ [આઠ સિદ્ધિઓ, રસાયણ, અંજન વગેરે] (दुर्लभ – सिद्धि ના વિશેષણરૂપે - સ્ત્રી. પ્ર. બ.વ. અને रसायन, अञ्जन ઈત્યાદિ બધાના વિશેષણ રૂપે – પું. પ્ર. બ.વ.)

**ये** – જેઓ [રસાયણ, અંજન - ધાતુવાદ વગેરે] (यद् સર્વનામ - रसायन આદિ દુર્લભ વસ્તુઓ માટે વપરાયેલ - પું. પ્ર. બ.વ.)

**रसायनम्** – રસાયણ, ઔષધ (रसायन નપું. પ્ર. એ.વ.)

**च** – અને (અવ્યય)

**अञ्जनधातुवादाः** – અંજન (અદૃશ્યાંજન વગેરે) અને ધાતુઓના વાદ (તાંબાને સુવર્ણ કરવાની રીત વગેરે) (अञ्जनधातुवाद પું. પ્ર. બ.વ.)

**ध्यानानि** – ધ્યાન (ध्यान – ध्यै (ध्या) ગણ ૧ પરસ્મૈ. + अन (अनट्) નપું. પ્ર. બ.વ.)



**मन्त्राः** – મંત્રો (मन्त्र પું. પ્ર. બ.વ.)

**च** – અને (અવ્યય)

**समाधियोगाः** – સમાધિ માટેના યોગો (समाधियोग પું. પ્ર. બ.વ.)

**चित्ते** – ચિત્ત (હોતે છતે) (चित्त – સતિ સપ્તમી અર્થમાં - નપું. સ. એ.વ.)

**अप्रसन्ने** – અપ્રસન્ન [ચિત્ત] હોતે છતે (अप्रसन्न – चित्त નું વિશેષણ - નપું. સ. એ.વ.)

**विषवद्** – વિષ જેવા (विषस्य इव इति विष + वद् (તદ્ધિતનો) - અવ્યય)

**भवन्ति** – થાય છે. (भू ગણ ૧ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. બ.વ.)

**દંડાન્વય :**

याः दुर्लभाः अष्टौ सिद्धयः, अपि ये दुर्लभाः रसायनं, अञ्जन-धातुवादाः, ध्यानानि, च मन्त्राः समाधियोगाः च (सन्ति) (ते) चित्ते अप्रसन्ने विषवद् भवन्ति ।

**અર્થ :**

જે દુર્લભ એવી આઠ સિદ્ધિઓ, અને વળી જે દુર્લભ એવા રસાયન (ઔષધ), અંજન, ધાતુવાદો, ધ્યાન, મંત્રો, અને સમાધિ માટેના યોગો છે (તે સર્વે) ચિત્ત અપ્રસન્ન હોતે છતે ઝેર જેવા થાય છે.

**ખંડાન્વય :**

(અધ્યાહારથી) (सन्ति) ।

के च सन्ति ?

ये च सन्ति ।

ये के च सन्ति ।

ये दुर्लभाः च सन्ति ।

ये दुर्लभाः के च सन्ति ?
ये दुर्लभाः समाधियोगाः च सन्ति ।
पुनः के सन्ति ?
मन्त्राः ।
पुनः कानि सन्ति ?
ध्यानानि ।
पुनः के सन्ति ?
अञ्जन–धातुवादाः ।
पुनः किम् अस्ति ?
रसायनम् ।
कथम् ।
अपि च ।
पुनः काः सन्ति ?
याः ।
याः काः सन्ति ?
सिद्धयः ।
कतिपयाः सिद्धयः ?
अष्टौ ।
कथम्भूताः सिद्धयः ?
दुर्लभाः ।
भवन्ति ।
किम्वत् भवन्ति ?
विषवद् ।



कस्मिन् सति भवन्ति ?
चित्ते सति ।
कीदृशे चित्ते सति ?
अप्रसन्ने ।
के भवन्ति ?
(અધ્યાહારથી) (ते) ।

**સમાસ :**

- दुःखेन लभ्यन्ते इति दुर्लभाः । (ઉપપદ તત્પુરુષ)
- अयः इति अयनम् । (अय् + अन (अनट्))
  रसस्य अयनम् इति रसायनम् । (ષષ્ઠી તત્પુરુષ)
- अज्यते इति अञ्जनम् । (अञ्ज् ગણ ७ પરસ્મૈ. + अन (अनट्)
  धातुनाम् वादाः इति धातुवादाः । (ષષ્ઠી તત્પુરુષ)
  अञ्जनम् च धातुवादाः च इति अञ्जनधातुवादाः । (ઇતરેતર દ્વન્દ્વ)
- समाध्यर्थम् योगाः इति समाधियोगाः । (ચતુર્થી તત્પુરુષ)
- प्रसीदति स्म इति प्रसन्नः । (प्र + सद् ગણ ૬ પરસ્મૈ. + त (क्त))
  न प्रसन्नम् इति अप्रसन्नम् । (નઞ્ તત્પુરુષ)
  तस्मिन् इति अप्रसन्ने ।

**विदन्ति तत्त्वं न यथास्थितं वै,**
**सङ्कल्पचिन्ताविषयाकुला ये ।**
**संसारदुःखैश्च कदर्थितानां,**
**स्वप्नेऽपि तेषां न समाधिसौख्यम् ॥३१॥**

**॥ इन्द्रवज्रा ॥**

**શબ્દાર્થ :**

**विदन्ति** – તેઓ જાણે છે (विद् ગણ ૨ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**तत्त्वम्** – તત્ત્વને (तत्त्व – तस्य भावः इति तद् + त्व (તદ્ધિત) નપું. દ્વિ. એ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**यथास्थितम्** – યથાવત્, યથાર્થ (અવ્યયીભાવ સમાસ)

**वै** – પાદપૂર્તિ માટે

**सङ्कल्पचिन्ताविषयाकुलाः** – સંકલ્પો, ચિંતાઓ અને વિષયોથી વ્યાકુલ [જે જીવો] (सङ्कल्पचिन्ताविषयाकुल પું. પ્ર. બ.વ.)

**ये** – જેઓ (यद् સર્વનામ - सङ्कल्पचिन्ताविषयाकुल જીવો માટે વપરાયેલ પું. પ્ર. બ.વ.)

**संसारदुःखैः** – સંસારના દુઃખોથી (संसारदुःख પું. તૃ. બ.વ.)

**च** – અને (અવ્યય) (અહીં) તેથી

**कदर्थितानाम्** – કદર્થના પામેલા, પીડાયેલા [તે જીવો] (कदर्थित – कदर्थि[૧] નામધાતુ + કર્મણિ ભૂતકૃદંત त (क्त) – तद् નું વિશેષણ - પું. ષ. બ.વ.)

**स्वप्ने** – સપનામાં (स्वप्न – स्वप् - ગણ ૨ પરસ્મૈ. - स्वप् + न[૨] (કૃદંતનો) - નપું. સ. એ.વ.)

**अपि** – પણ (અવ્યય)

**तेषाम्** – તેમનું [તે કદર્થિત જીવોનું] (तद् સર્વનામ - कदर्थित જીવો માટે વપરાયેલ - પું. ષ. બ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

---

[૧]कुत्सितः च असौ अर्थः च इति कदर्थः । (कु પૂર્વપદ કર્મધારય) कदर्थं करोति – कदर्थ + णिज् – સિ.હે.શ. ૩-૪-૪૨ कदर्थि નામધાતુ

[૨]સિ.હે.શ. ૫-૩-૮૫



**समाधिसौख्यम्** – સમાધિ - સમતાનું સુખ (समाधिसौख्य નપું. પ્ર. એ.વ.)

**દંડાન્વય :**

वै सङ्कल्पचिन्ताविषयाकुलाः ये यथास्थितम् तत्त्वम् न विदन्ति, च संसारदुःखैः कदर्थितानाम् तेषाम् स्वप्ने अपि समाधिसौख्यम् न (भवति) ।

**અર્થ :**

સંકલ્પ, ચિંતા અને વિષયોથી વ્યાકુલ એવા જે લોકો યથાવત્ તત્ત્વને જાણતા નથી, અને (તેથી) સંસારના દુઃખોથી કદર્થના પામેલા તેમને સ્વપ્નમાં પણ સમાધિનું સુખ (પ્રાપ્ત) થતું નથી.

**ખંડાન્વય :**

न विदन्ति ।
किम् न विदन्ति ?
तत्त्वम् ।
कथम्भूतम् तत्त्वम् ?
यथास्थितम् ।
के न विदन्ति ?
ये ।
के ये ?
सङ्कल्पचिन्ताविषयाकुलाः ।
कथम् ?
वै ।
(અધ્યાહારથી) न (भवति) ।
किम् न भवति ?
समाधिसौख्यम् ।

कस्मिन् अपि ?

स्वप्ने अपि ।

केषाम् स्वप्ने ?

तेषाम् ।

केषाम् तेषाम् ?

कदर्थितानाम् ।

कैः कदर्थितानाम् ?

संसारदुःखैः ।

कथम् ?

च ।

**સમાસ :**

- सङ्कल्पाः च चिन्ताः च विषयाः च इति सङ्कल्पचिन्ताविषयाः । (ઇતરેતર દ્વન્દ્વ)

  सङ्कल्पचिन्ताविषयैः आकुलाः इति सङ्कल्पचिन्ताविषयाकुलाः । (તૃતીયા તત્પુરુષ)
- संसारस्य दुःखानि इति संसारदुःखानि । (ષષ્ઠી તત્પુરુષ)

  तैः इति संसारदुःखैः ।
- सुखम् एव इति सौख्यम् । (सुख + ट्यण्[૧] – (તદ્ધિતનો))

  समाधेः सौख्यम् इति समाधिसौख्यम् । (ષષ્ઠી તત્પુરુષ)

**श्लोको वरं परमतत्त्वपथप्रकाशी,**
**न ग्रन्थकोटिपठनं जनरञ्जनाय ।**
**सञ्जीवनीति वरमौषधमेकमेव,**
**व्यर्थश्रमप्रजननो न तु मूलभारः ॥३२॥**
**॥ वसन्ततिलका ॥**

[૧]સિ.હે.શ. ૭-૨-૧૬૪



**શબ્દાર્થ :**

**श्लोकः** – શ્લોક (श्लोक – श्लोक् ગણ ૧ આત્મને. + घञ् પું. પ્ર. એ.વ.)

**वरम्** – ઇષ્ટ, સારું, ઠીક (અવ્યય)

**परमतत्त्वपथप्रकाशी** – પરમતત્ત્વ (મોક્ષ) માર્ગને પ્રકાશિત કરનાર [શ્લોક] (परमतत्त्वपथप्रकाशिन् – श्लोक નું વિશેષણ - પું. પ્ર. એ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**ग्रन्थकोटिपठनम्** – કરોડો ગ્રંથોનું અધ્યયન (ग्रन्थकोटिपठन નપું. પ્ર. એ.વ.)

**जनरञ्जनाय** – લોકોના આનંદ માટે (जनरञ्जन નપું. ચ. એ.વ.)

**सञ्जीवनी** – સંજીવની નામે ઔષધ (सञ्जीवनी સ્ત્રી. પ્ર. એ.વ.)

**इति** – એ પ્રમાણે (અવ્યય)

**वरम्** – સારું, ઇષ્ટ, ઠીક (અવ્યય)

**औषधम्** – ઔષધિ (औषध નપું. પ્ર. એ.વ.)

**एकम्** – એક માત્ર [ઔષધ] (एक સર્વનામ - औषध માટે વપરાયેલ - નપું. પ્ર. એ.વ.)

**एव** – જ (અવ્યય)

**व्यर्थश्रमप्रजननः** – નકામો શ્રમ - મહેનતને ઉત્પન્ન કરનાર [વનસ્પતિના મૂળિયાનો સમૂહ] (व्यर्थश्रमप्रजनन – मूलभार નું વિશેષણ - નપું. પ્ર. એ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**तु** – તો (અવ્યય)

**मूलभारः** – વનસ્પતિઓના મૂળિયાઓનો સમૂહ (मूलभार પું. પ્ર. એ.વ.)

**દંડાન્વય :**

सञ्जीवनी एकम् एव औषधम् वरम् (अस्ति) । तु व्यर्थश्रमप्रजननः मूलभारः (वरम्) न (अस्ति) । इति परमतत्त्वपथप्रकाशी श्लोकः वरम् (अस्ति) । जनरञ्जनाय ग्रन्थकोटिपठनम् वरम् न (अस्ति) ।

**અર્થ :**

(જેમ) સંજીવની નામની એક જ ઔષધ ઈષ્ટ છે. ફોગટ શ્રમને પેદા કરનાર (ઘણી વનસ્પતિઓના) મૂળિયાઓનો સમૂહ ઈષ્ટ નથી. એ પ્રમાણે પરમતત્ત્વ(મોક્ષ)ના માર્ગને પ્રકાશિત કરનાર (એક) શ્લોક (જ) ઈષ્ટ છે. (પરંતુ) લોકોનું રંજન કરવા માટે કરોડો ગ્રંથો ભણવું ઈષ્ટ નથી.

**ખંડાન્વય :**

(અધ્યાહારથી) (अस्ति) ।
कथम् अस्ति ?
वरम् ।
किम् वरम् एव अस्ति ?
एकम् एव ।
एकम् एव किम् वरम् ?
औषधम् ।
(અધ્યાહારથી) न (अस्ति) ।
कथम् न अस्ति ?
(આગળના અનુસંધાનથી) वरम् ।
कः वरम् न अस्ति ?
मूलभारः ।
कथम्भूतः मूलभारः ?
व्यर्थश्रमजननः ।
कथम् ?
तु ।



(અધ્યાહારથી) (अस्ति) ।
कथम् अस्ति ।
वरम् ।
कः वरम् अस्ति ?
श्लोकः ।
कथम्भूतः श्लोकः ?
परमतत्त्वपथप्रकाशी ।
कथम् ?
इति ।
(અધ્યાહારથી) न (अस्ति) ।
कथम् न अस्ति ?
(ઉપરના વાક્યથી) (वरम्) ।
किम् वरम् न अस्ति ?
ग्रन्थकोटिपठनम् ।
कस्मै ग्रन्थकोटिपठनम् वरम् न अस्ति ?
जनरञ्जनाय ।

**સમાસ :**

- तस्य भावः इति तत्त्वम् । (તદ્ધિત - तद् + त्व)

  परमम् च अदः तत्त्वम् च इति परमतत्त्वम् । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)

  परमतत्त्वस्य पन्थाः इति परमतत्त्वपथः । (ષષ્ઠી તત્પુરુષ) (अ સમાસાંત)

  परमतत्त्वपथम् प्रकाशयति इति परमतत्त्वपथप्रकाशी । (ઉપપદ તત્પુરુષ - णिन् સમાસાંત)

- ग्रन्थानाम् कोटिः इति ग्रन्थकोटिः । (ષષ્ઠી તત્પુરુષ)
  पठ् ગણ ૧ પરસ્મૈ. + अन (अनट्) = पठनम् ।
  ग्रन्थकोटेः पठनम् इति ग्रन्थकोटिपठनम् । (ષષ્ઠી તત્પુરુષ)
- रञ्ज् ગણ ૪ ઉભયપદી + अन (अनट्) = रञ्जन ।
  जनानाम् रञ्जनम् इति जनरञ्जनम् । (ષષ્ઠી તત્પુરુષ)
  तस्मै इति जनरञ्जनाय ।
- सञ्जीवयति इति सञ्जीवनी । (सम् + जीव् ગણ ૧ પરસ્મૈ. + अन (अनट्) + સ્ત્રીલિંગનો ङी)
- वि + अर्थ् - ગણ ૧ આત્મને. + अल् = व्यर्थ ।

(અથવા)

विगतः अर्थः यस्मात् सः इति व्यर्थः । (પ્રાદિ બહુવ્રીહિ)

श्रम् ગણ ૪ પરસ્મૈ. + अल् = श्रम ।

व्यर्थः च असौ श्रमः च इति व्यर्थश्रमः । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)

प्रजनयति इति प्रजननः । (प्र + जन (जा) ગણ ૪ આત્મને. + પ્રેરકનો णि + अन (अनट्) = प्रजनन )

व्यर्थश्रमस्य प्रजननः इति व्यर्थश्रमप्रजननः । (ષષ્ઠી તત્પુરુષ)

- भृ ગણ ૩ પરસ્મૈ. + घञ् = भारः ।
  मूलानाम् भारः इति मूलभारः । (ષષ્ઠી તત્પુરુષ)

**तावत्सुखेच्छा विषयादिभोगे,**
**यावन्मनःस्वास्थ्यसुखं न वेत्ति ।**
**लब्धे मनःस्वास्थ्यसुखैकलेशे,**
**त्रैलोक्यराज्येऽपि न तस्य वाञ्छा ॥३३॥**

**॥ उपजातिः ॥**



**શબ્દાર્થ :**

**तावत्** - ત્યાં સુધી (અવ્યય)

**सुखेच्छा** - સુખની ઈચ્છા (सुखेच्छा સ્ત્રી. પ્ર. એ.વ.)

**विषयादिभोगे** - વિષયો વગેરેના ભોગમાં (विषयादिभोग પું. સ. એ.વ.)

**यावत्** - જ્યાં સુધી (અવ્યય)

**मनःस्वास्थ्यसुखम्** - મનની સ્વસ્થતાના સુખને, ચિત્તની સમતાના સુખને (मनःस्वास्थ्यसुख નપું. દ્વિ. એ.વ.)

**न** - નહિ, નથી (અવ્યય)

**वेत्ति** - જાણે છે (विद् ગણ ૨ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**लब्धे** - પ્રાપ્ત થયે છતે [મનની સ્વસ્થતાના સુખનો લેશ] (लब्ध - लभ् - ગણ ૧ આત્મને. + કર્મણિ ભૂતકૃદંત त (क्त) मनः स्वास्थ्यसुखैकलेश નું વિશેષણ - પું. સ. એ.વ.)

**मनःस्वास्थ्यसुखैकलेशे** - ચિત્તની સમતાના સુખનો એક અંશ હોતે છતે (मनःस्वास्थ्यसुखैकलेश પું. સ. એ.વ. સતિ સપ્તમી અર્થમાં)

**त्रैलोक्यराज्ये** - ત્રણ લોકના રાજ્યને વિશે (त्रैलोक्यराज्य પું. સ. એ.વ.)

**अपि** - પણ (અવ્યય)

**न** - નહિ, નથી (અવ્યય)

**तस्य** - તેને (तद् સર્વનામ પું. ષ. એ.વ.)

**वाञ्छा** - ઈચ્છા (वाञ्छा સ્ત્રી. પ્ર. એ.વ.)

**દંડાન્વય :**

यावत् मनःस्वास्थ्यसुखम् न वेत्ति तावत् विषयादिभोगे सुखेच्छा (अस्ति) । मनः स्वास्थ्यसुखैकलेशे लब्धे त्रैलोक्यराज्ये अपि तस्य वाञ्छा न (अस्ति) ।

**અર્થ :**

જ્યાં સુધી ચિત્તની સમતાના સુખને જાણતો નથી ત્યાં સુધી વિષય વગેરે ભોગમાં સુખની ઇચ્છા છે. ચિત્તની સમતાના સુખનો એક અંશ (પણ) પ્રાપ્ત થયે છતે ત્રણ લોકના રાજ્યને વિશે પણ તેની ઇચ્છા (રહેતી) નથી.

**ખંડાન્વય :**

न वेत्ति ।
किम् न वेत्ति ?
मनःस्वास्थ्यसुखम् ।
कथम् ?
यावत् ।
(અધ્યાહારથી) (अस्ति) ।
का अस्ति ?
सुखेच्छा ।
कस्मिन् सुखेच्छा ?
विषयादिभोगे ।
कथम् ?
तावत् ।
(અધ્યાહારથી) न (अस्ति) ।
का न अस्ति ?
वाञ्छा ।
कस्य वाञ्छा ?
तस्य ।
कस्मिन् अपि वाञ्छा ?



त्रैलोक्यराज्ये अपि ।
कस्मिन् सति वाञ्छा न अस्ति ?
लब्धे सति ।
कस्मिन् लब्धे सति ?
मनःस्वास्थ्यसुखैकलेशे ।

**સમાસ :**

- सुखस्य इच्छा इति सुखेच्छा । (ષષ્ઠી તત્પુરુષ)
- स्वस्थस्य भावः इति स्वास्थ्यम् । (તદ્ધિત)
  मनसः स्वास्थ्यम् इति मनःस्वास्थ्यम् । (ષષ્ઠી તત્પુરુષ)
  मनःस्वास्थ्यस्य सुखम् इति मनःस्वास्थ्यसुखम् । (ષષ્ઠી તત્પુરુષ)
- स्वस्थस्य भावः इति स्वास्थ्यम् । (તદ્ધિત)
  मनसः स्वास्थ्यम् इति मनः स्वास्थ्यम् । (ષષ્ઠી તત્પુરુષ)
  मनः स्वास्थ्यस्य सुखम् इति मनःस्वास्थ्यसुखम् । (ષષ્ઠી તત્પુરુષ)
  एकः च असौ लेशः च इति एकलेशः । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)
  मनःस्वास्थ्यसुखस्य एकलेशः इति मनःस्वास्थ्यसुखैकलेशः । (ષષ્ઠી તત્પુરુષ)
  तस्मिन् इति मनःस्वास्थ्यसुखैकलेशे ।
- त्रयाणाम् लोकानाम् समाहारः इति त्रिलोकी । (સમાહાર દ્વિગુ કર્મધારય)
  त्रिलोकी एव इति त्रैलोक्यम् । (તદ્ધિત)
  त्रैलोक्यस्य राज्यम् इति त्रैलोक्यराज्यम् । (ષષ્ઠી તત્પુરુષ)
  तस्मिन् इति त्रैलोक्यराज्ये ।

**न देवराजस्य न चक्रवर्तिन-**
**स्तद्वै सुखं रागयुतस्य मन्ये ।**
**यद्वीतरागस्य मुनेः सदात्म-**
**निष्ठस्य चित्ते स्थिरतां प्रयाति ॥ ३४ ॥**

**॥ उपजातिः ॥**

**શબ્દાર્થ :**

**न** – નહિ, નથી (અવ્યય)

**देवराजस्य** – ઇંદ્રનું (देवराज પું. ષ. એ.વ.)

**न** – નહિ, નથી (અવ્યય)

**चक्रवर्त्तिनः** – ચક્રવર્ત્તિનું (चक्रवर्त्तिन् પું. ષ. એ.વ.)

**तद्** – તે [સુખ] (तद् સર્વનામ - सुख માટે વપરાયેલ - નપું. પ્ર. એ.વ.)

**वै** – પાદપૂર્તિ માટે (અવ્યય)

**सुखम्** – સુખ (सुख નપું. પ્ર. એ.વ.)

**रागयुतस्य** – રાગયુક્ત [ઇંદ્ર અને ચક્રવર્તી ] (रागयुत – देवराज અને चक्रवर्त्तिन् નું વિશેષણ - પું. ષ. એ.વ.)

**मन्ये** – હું માનુ છું (मन् ગણ ૪ આત્મને. વ.કા. પ્ર.પુ. એ.વ.)

**यद्** – જે (સુખ) (यद् સર્વનામ - सुख માટે વપરાયેલ - નપું. પ્ર. એ.વ.)

**वीतरागस्य** – વીતરાગ [મુનિ] નું (वीतराग – मुनि નું વિશેષણ - પું. ષ. એ.વ.)

**मुनेः** – મુનિનું (मुनि પું. ષ. એ.વ.)

**सदा** – હંમેશા, નિત્ય (અવ્યય)



**आत्मनिष्ठस्य** – આત્મામાં રહેલ [મુનિ] નું (आत्मनिष्ठ – मुनि નું વિશેષણ પું. ષ. એ.વ.)

**चित्ते** – ચિત્તમાં (चित्त નપું. સ. એ.વ.)

**स्थिरताम्** – સ્થિરતાને (स्थिरता – स्थिरस्य भावः इति स्थिर + ता (તદ્ધિત) સ્ત્રી. દ્વિ. એ.વ.)

**प्रयाति** – પ્રાપ્ત કરે છે (प्र + या ગણ ૨ પરસ્મૈ. વ.કા. ત્રી.પુ. એ.વ.)

**દંડાન્વય :**

सदा आत्मनिष्ठस्य वीतरागस्य मुनेः यद् सुखम् चित्ते स्थिरताम् प्रयाति । तद् सुखम् रागयुतस्य देवराजस्य न (अस्ति) । रागयुतस्य चक्रवर्त्तिनः न (अस्ति) । (इति) मन्ये ।

**અર્થ :**

હંમેશા આત્મામાં (જ) રહેલ વીતરાગ મુનિને જે સુખ ચિત્તમાં સ્થિરતાને પામે છે, તે સુખ રાગયુક્ત ઇંદ્રને (પણ) નથી, રાગયુક્ત ચક્રવર્તીને (પણ) નથી. (એ પ્રમાણે) હું માનું છું.

**ખંડાન્વય :**

प्रयाति ।
काम् प्रयाति ?
स्थिरताम् ।
कस्मिन् स्थिरताम् प्रयाति ?
चित्ते ।
किम् प्रयाति ?
यद् ।
यद् किम् प्रयाति ?
यद् सुखम् प्रयाति ।

कस्य सुखम् ?

मुनेः ।

कथम्भूतस्य मुनेः ?

वीतरागस्य ।

पुनः कथम्भूतस्य मुनेः ?

आत्मनिष्ठस्य ।

कदा आत्मनिष्ठस्य ?

सदा ।

(અધ્યાહારથી) न (अस्ति) ।

किम् न अस्ति ?

तद् ।

तद् किम् न अस्ति ?

सुखम् ।

सुखम् कस्य ?

देवराजस्य ।

कथम्भूतस्य देवराजस्य ?

रागयुतस्य ।

(અધ્યાહારથી) न (अस्ति) ।

कस्य न अस्ति ?

चक्रवर्त्तिनः ।

कथम्भूतस्य चक्रवर्त्तिनः ?

रागयुतस्य ।



**સમાસ :**

- देवानाम् राजा इति देवराजः । (ષષ્ઠી તત્પુરુષ) (अट् સમાસાંત)
  तस्य इति देवराजस्य ।
- रागेण युतः इति रागयुतः । (તૃતીયા તત્પુરુષ)
  तस्य इति रागयुतस्य ।
- विशेषेण इतः इति वीतः । (પ્રાદિ તત્પુરુષ)
  वीतः रागः यस्य । यस्मात् इति वीतरागः । (સમાનાધિકરણ બહુવ્રીહિ)
  तस्य इति वीतरागः ।
- नितरां तिष्ठति इति निष्ठः । (ઉપપદ તત્પુરુષ)
  आत्मनि निष्ठः इति आत्मनिष्ठः । (સપ્તમી તત્પુરુષ)
  तस्य इति आत्मनिष्ठस्य ।

**यथा यथा कार्यशताकुलं वै,**
**कुत्रापि नो विश्रमतीह चित्तम् ।**
**तथा तथा तत्त्वमिदं दुरापं,**
**हृदि स्थितं सारविचारहीनैः ॥३५॥**

**॥ उपजातिः ॥**

**શબ્દાર્થ :**

**यथा यथा** – જેમ જેમ (અવ્યય)

**कार्यशताकुलम्** – સેંકડો કાર્યોથી આકુલ [ચિત્ત] (कार्यशताकुल – ચિત્ત નું વિશેષણ – નપું. પ્ર. એ.વ.)

**वै** – પાદપૂર્તિ માટે (અવ્યય)

**कुत्रापि** – ક્યાંય પણ (અવ્યય)

**नो** – નહિ, નથી (અવ્યય)

**विश्रमति** – વિશ્રામ પામે છે (वि + श्रम्(૧) પરસ્મૈ. ત્રી.પુ. એ.વ.)

**इह** – અહીં (અવ્યય)

**चित्तम्** – ચિત્ત, મન (चित्त નપું. પ્ર. એ.વ.)

**तथा तथा** – તેમ તેમ (અવ્યય)

**तत्त्वम्** – તત્ત્વ (तत्त्व – तस्य भावः इति तद् + त्व (તદ્ધિત) - નપું. પ્ર. એ.વ.)

**इदम्** – આ [તત્ત્વ] (इदम् સર્વનામ - तत्त्व માટે વપરાયેલ - નપું. પ્ર. એ.વ.)

**दुरापम्** – દુષ્પ્રાપ્ય, દુર્લભ [તત્ત્વ] (दुराप – तत्त्व નું વિશેષણ - નપું. પ્ર. એ.વ.)

**हृदि** – હૃદયમાં (हृदय – નપું. સ. એ.વ. - हृद् આદેશ)

**स्थितम्** – સ્થિર થયેલ [તત્ત્વ] (स्थित – स्था (तिष्ठ) ગણ ૧ પરસ્મૈ. + કર્તરિ ભૂતકૃદંતનો ત (क्त) – तत्त्व નું વિશેષણ - નપું. પ્ર. એ.વ.)

**सारविचारहीनैः** – સાર (અસાર) ના વિચારહીન લોકો વડે (सार-विचारहीन પું. તૃ. એ.વ.)

**દંડાન્વય :**

इह वै यथा यथा कार्यशताकुलम् चित्तम् कुत्रापि नो विश्रमति तथा तथा सारविचारहीनैः हृदि स्थितम् इदम् तत्त्वम् दुरापम् (अस्ति)।

(૧)वि + श्रम् (श्राम्) ધાતુ ગણ ૪ પરસ્મૈ.નું રૂપ विश्राम्यति થાય. "सिद्धेः गतिः चिन्तनीया" એ પ્રમાણે અન્ય ગણના ધાતુઓ ક્યારેક અન્ય ગણમાં લઈ ગયેલા જોવાય છે. આર્ષ પ્રયોગ લઈને આ श्रम् ધાતુ પહેલા ગણમાં લઈ ગયા હોય તો આવું રૂપ થયું હોઈ શકે. દા.ત. ભગવદ્ગીતામાં स्तुन्वन्ति રૂપ છે. स्तु ૨જા ગણનો છે પણ ૫મા ગણ પ્રમાણે રૂપ કરેલ છે. બાકી "तत्त्वं केवलीगम्यम् ।"



**અર્થ :**

અહીં જેમ જેમ સેંકડો કાર્યોથી આકુલ વ્યાકુલ ચિત્ત ક્યાંય પણ વિશ્રામ પામતું નથી તેમ તેમ હૃદયમાં સ્થિર થયેલ આ (સમતા સુખરૂપ) તત્ત્વ સાર (અસાર) ના વિચાર રહિત લોકો વડે દુરાપ છે. (લોકોને દુર્લભ છે).

**ખંડાન્વય :**

नो विश्रमति ।

कथम् ?

कुत्रापि ।

किम् नो विश्रमति ?

चित्तम् ।

कथम्भूतम् चित्तम् ?

कार्यशताकुलम् ।

कथम् ?

यथा यथा ।

कुत्र वै ?

इह वै ।

(અધ્યાહારથી) (अस्ति) ।

किम् भवति ?

इदम् ।

इदम् किम् भवति ?

तत्त्वम् ।

कथम्भूतम् तत्त्वम् ?

स्थितम् ।

कस्मिन् स्थितम् ?

हृदि ।

तत्त्वम् कीदृशम् ?

दुरापम् ।

कैः दुरापम् ?

सारविचारहीनैः ।

कथम् ?

तथा तथा ।

**સમાસ :**

- कार्याणाम् शतानि इति कार्यशतानि । (ષષ્ઠી તત્પુરુષ)
  कार्यशतैः आकुलम् इति कार्यशताकुलम् । (તૃતીયા તત્પુરુષ)
- दुःखेन आप्यते इति दुरापम् । (ઉપપદ તત્પુરુષ)
- सारस्य विचारः इति सारविचारः । (ષષ્ઠી તત્પુરુષ)
  सारविचारैः हीनाः इति सारविचारहीनाः । (તૃતીયા તત્પુરુષ)
  तैः इति सारविचारहीनैः ।

**शमसुखरसलेशाद् द्वेष्यतां सम्प्रयाता,**
**विविधविषयभोगाऽत्यन्तवाञ्छाविशेषाः ।**
**परमसुखमिदं यद्भुज्यतेऽन्तः समाधौ,**
**मनसि सति तदा ते शिष्यते किं वदान्यत् ॥३६॥**
**॥ मालिनी ॥**

**શબ્દાર્થ :**

**शमसुखरसलेशाद्** – સમતાના સુખના રસના અંશથી (शमसुखरसलेश પું. પં. એ.વ.)

**द्वेष्यताम्** – દ્વેષ કરવાયોગ્યપણું (द्वेष्यता – द्वेष्टुम् योग्यः इति द्विष् – ગણ ૨ ઉભયપદી + વિધ્યર્થ કૃદંતનો य – द्वेष्यः – द्वेष्यस्य भावः इति द्वेष्य + ता (तल्) (તદ્ધિતનો) સ્ત્રી. દ્વિ. એ.વ.)



**सम्प्रयाताः** – પ્રાપ્ત કરેલ [વિવિધ વિષયોને ભોગવવાની અતિશય ઈચ્છા વિશેષ] (सम्प्रयात – सम् + प्र + या ગણ ૨ પરસ્મૈ. + કર્તરિ ભૂતકૃદંત त (क्त) – विविधविषयभोगात्यन्तवाञ्छाविशेष નું વિશેષણ - પું. પ્ર. બ.વ.)

**परमसुखम्** – પરમ સુખ (परमसुख નપું. પ્ર. એ.વ.)

**इदम्** – આ [પરમ સુખ] (इदम् સર્વનામ - परमसुख નું વિશેષણ - નપું. પ્ર. એ.વ.)

**यद्** – જે કારણથી (અવ્યય)

**भुज्यते** – ભોગવાય છે (भुज् ગણ ૭ પરસ્મૈ. + કર્મણિ પ્રયોગનો य વ.કા. ત્રી.પુ. એ.વ.)

**अन्तःसमाधौ** – અભ્યંતર સમાધિવાળું (अन्तःसमाधि – मनस् નું વિશેષણ - નપું. સ. એ.વ.)

**मनसि** – મન (હોતે છતે) (मनस् નપું. સ. એ.વ.)

**सति** – (મન) હોતે છતે (सत् – मनस् નું વિશેષણ – अस् ગણ ૨ પરસ્મૈ. + વર્તમાન કૃદંતનો अत् (शतृ) - નપું. સ. એ.વ.)

**तदा** – ત્યારે (અવ્યય)

**ते** – તારું (युष्मद् સર્વનામ - અલિંગ ષ. એ.વ. - तव નો આદેશ)

**शिष्यते** – બાકી રહેવાય છે (शिष् ગણ ૭ પરસ્મૈ, ગણ ૧ પરસ્મૈ. + કર્મણિનો य વ.કા. ત્રી.પુ. એ.વ.)

**किम्** – શું (किम् સર્વનામ - अन्यद् માટે વપરાયેલ - નપું. દ્વિ. એ.વ.)

**वद** – તું કહે (वद् ગણ ૧ પરસ્મૈ. આજ્ઞાર્થ બી.પુ. એ.વ.)

**अन्यत्** – અન્ય (अन्यद् સર્વનામ નપું. દ્વિ. એ.વ.)

**દંડાન્વય :**

शमसुखरसलेशाद् विविधविषयभोगात्यन्तवाञ्छाविशेषाः द्वेष्यताम् सम्प्रयाताः । यद् मनसि अन्तःसमाधौ सति इदम् परमसुखम् भुज्यते । तदा ते किम् अन्यद् शिष्यते । वद ।

**અર્થ :**

સમતાના સુખના રસના અંશથી વિવિધ વિષયોના ભોગની અત્યન્ત ઈચ્છાના વિશેષો દ્વેષ્યપણાને (દ્વેષ કરવા યોગ્યપણાને) પામેલ છે. (અર્થાત્ ઈચ્છાઓ શત્રુ ભાસે છે.) જે કારણથી મન અભ્યંતર સમાધિવાળું હોતે છતે આ પરમ સુખ ભોગવાય છે. (તેથી) ત્યારે તારું અન્ય કયું (સુખ) બાકી રખાય ? (કયુ પ્રાપ્ત કરવા યોગ્ય સુખ બાકી રહે ?) તે કહે. (સમાધિ સુખ પ્રાપ્ત કર્યા પછી કોઈ સુખ પ્રાપ્ત કરવાનું બાકી રહેતું નથી.)

**ખંડાન્વય :**

सम्प्रयाताः ।
काम् सम्प्रयाताः ?
द्वेष्यताम् ।
काः सम्प्रयाताः ?
विविधविषयभोगात्यन्तवाञ्छाविशेषाः ।
कस्मात् सम्प्रयाताः ?
शमसुखरसलेशात् ।
भुज्यते ।
किम् भुज्यते ?
इदम् ।
इदम् किम् भुज्यते ?
इदम् परमसुखम् ।
कस्मिन् सति भुज्यते ?
मनसि सति ।



मनसि कीदृशे सति ?
अन्तःसमाधौ ।
कथम् ?
यद् ।
शिष्यते ।
किम् शिष्यते ?
किम् शिष्यते ।
किम् किम् शिष्यते ?
किम् अन्यद् शिष्यते ।
कस्य किम् अन्यद् शिष्यते ?
ते किम् अन्यद् शिष्यते ।
कदा ?
तदा ।
वद ।

**સમાસ :**

- शमस्य सुखम् इति शमसुखम् । (ષષ્ઠી તત્પુરુષ)
  शमसुखस्य रसः इति शमसुखरसः । (ષષ્ઠી તત્પુરુષ)
  शमसुखरसस्य लेशः इति शमसुखरसलेशः । (ષષ્ઠી તત્પુરુષ)
  तस्मात् इति शमसुखरसलेशात् ।
- अत्यन्ताः च अमी वाञ्छाः च इति अत्यन्तवाञ्छाः । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)
  अत्यन्तवाञ्छानां विशेषाः इति अत्यन्तवाञ्छाविशेषाः । (ષષ્ઠી તત્પુરુષ)

विविधाः च अमी विषयाः च इति विविधविषयाः । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)

विविधविषयाणाम् भोगाः इति विविधविषयभोगाः । (ષષ્ઠી તત્પુરુષ)

विविधविषयभोगानाम् अत्यन्तवाञ्छाविशेषाः इति विविधविषय-भोगात्यन्तवाञ्छाविशेषाः । (ષષ્ઠી તત્પુરુષ)

◆ परमम् च अदः सुखम् च इति परमसुखम् । (વિશેષણ પૂર્વપદ કર્મધારય)

तद् इति परमसुखम् ।

◆ अन्तः समाधिः यस्य तद् इति अन्तःसमाधि । (બહુવ્રીહિ સમાસ)

तस्मिन् इति अन्तःसमाधौ ।

❁ ❁ ❁